ન્યાયાધીશે સંન્યાસીની જેમ જીવવું અને ઘોડાની માફક કામ કરવું જોઈએ
(વધુ અહેવાલ પાના નં. ૫)

દેશ-પરદેશની
# આજકાલ
Dhanraj Group
પોરબંદર, રાજકોટ, જામનગર, ભાવનગર, અને અમદાવાદથી એક સાથે પ્રગટ થતું એક માત્ર દૈનિક
આવૃત્તિ
પાના-૮
શુક્રવાર-પોરબંદર
Dt. 13.12.2024

બોગસ પાસપોર્ટ કૌભાંડમાં પોરબંદરના એજન્ટ સહિતના નવ ઝડપાયા
(વધુ અહેવાલ પાના નં. ૮)


▸ અંક : ૨૧૪ ▸ વર્ષ-૨૧ ▸ માગશર સુદ - ૧૩ ▸ સં. : ૨૦૮૧ ▸ કિંમત રૂા. ૩.૦૦ ▸ ફોન : ૦૨૮૬-૨૨૫૧૬૬૬ ▸ ફેક્સ : ૦૨૮૬-૨૨૫૨૬૬૬ ▸ RNI No. GUJ/GUJ/2004/12986 ▸ Reg. No. GRJ/374 www.aajkaaldaily.com aajkaalpor@gmail.com

# મુખ્યમંત્રી રાજકોટમાંઃ લોકાર્પણ-ખાતમુહૂર્તના અનેક કાર્યક્રમો

**આજકાલ પ્રતિનિધિ**
**રાજકોટ**

મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળ્યાના બે વર્ષ પૂરા કર્યા પછી આજે ત્રીજા વર્ષના પ્રારંભે ભુપેન્દ્રભાઈ પટેલ રાજકોટ આવી પહોંચ્યા હતા. લોધિકા તાલુકાના જશવંતપુર ગામે ઉમિયા માતાજીના મંદિરના ભૂમિ પૂજનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને ત્યાં યોજાયેલા સ્ટેજ કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગના ખાતમુર્હુત સહિતના જુદા જુદા કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા.

મુખ્યમંત્રી સવારે હિરાસર એરપોર્ટ આવી પહોંચ્યા બાદ ત્યાંથી સીધા જશવંતપુર જવા નીકળી ગયા હતા અને



જશવંતપુરનો કાર્યક્રમ પૂરો કરી બપોરે યુનિવર્સિટી રોડ પર આવેલી બી.ટી.સવાણી કિડની હોસ્પિટલમાં શિલાન્યાસના કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.બીટી સવાણી હોસ્પિટલનો કાર્યક્રમ પૂરો કરી મુખ્યમંત્રી જિલ્લા પંચાયત ખાતે આવી પહોંચ્યા હતા અને અહીં ખાતમુહૂર્ત સંદર્ભે યોજાયેલ ધાર્મિક વિધિના કાર્યક્રમમાં હાજરી આપી અહીં ઉપસ્થિત મંત્રીઓ ધારાસભ્યો સંસદ સભ્યો જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખ સહિતના જુદી જુદી કમિટીના ચેરમેનો અને સભ્યો જિલ્લા ભાજપના સંગઠન માળખાના આગેવાનો સાથે ચર્ચા વિચારણા કરી હતી.

જિલ્લા પંચાયતનો કાર્યક્રમ પૂરો કરીને મુખ્યમંત્રી સીધા જ રેસકોસ ગ્રાઉન્ડ ખાતે પહોંચ્યા હતા અને અહીં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ના ૭૯૩.૪૫ કરોડના વિકાસના વિવિધ કામોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરી સભાને સંબોધન કર્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકાના ૧૦૧૦ આવાસો અને શહેરી વિકાસ સત્તા મંડળના બસ ૨૧૦ આવાસોના લાભાર્થીઓને આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો તેમજ શહેરી ટ્રાન્સપોર્ટેશનમાં સીએનજી ફ્યુઅલ આધારિત નવી ૨૨ બસનું લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત ડ્રેનેજ વિભાગના ઉપયોગ માટે ખરીદ કરવામાં આવેલા ૭ જેટિંગ મશીનોનું પણ તેમણે લોકાર્પણ કર્યું હતું. રેસકોર્સનો કાર્યક્રમ પૂરો કરી મુખ્યમંત્રી સદભાવના વૃદ્ધાશ્રમની મુલાકાતે પણ જવાના છે.

## લોધીકાના જશવંતપુરમાં સ્ટેજ કાર્યક્રમઃ કિડની હોસ્પિટલની મુલાકાત લીધી




# તમિલનાડુની ખાનગી હોસ્પિટલમાં આગથી સાતનાં મોતઃ અનેક દાઝ્યા

## મૃતકોમાં ૧ બાળક અને ૩ મહિલાનો સમાવેશ,ઈજાગ્રસ્તોમાં ત્રણની હાલત ગંભીર, આગ શોર્ટ સર્કિટથી લાગ્યાનું પ્રાથમિક તારણ

**આજકાલ પ્રતિનિધિ**
**ડીંડીગુલ**

તમિલનાડુના ડિંડીગુલ જિલ્લાની એક ખાનગી હોસ્પિટલમાં ગુરુવારે મોડી રાત્રે ભીષણ આગ ભભૂકી હતી. જેમાં ૭ના મોત નીપજ્ય હોવાનું સામે આવ્યું છે,જ્યારે આગને કારણે ઘણા ઘાયલ થયા છે. રાત્રે ૧૦ વાગ્યાના સુમારે લાગેલી આગ શોર્ટ સર્કીટથી લાગી હોવાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું છે. મૃતકોમાં ૧ બાળક અને ૩ મહિલા છે જ્યારે ઈજાગ્રસ્તોમાં ત્રણની હાલત ગંભીર ગણાવાઈ રહી છે. તમિલનાડુના ડિંડીગુલમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં અચાનક આગ ભભૂકી હતી અને તેમાં સાત લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો ઘાયલ છે. આ તમામને અન્ય હોસ્પિટલમાં



ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, આ અકસ્માત ગુરુવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યે થયો હતો. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ગાડી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. મળતા અહેવાલ મુજબ, હોસ્પિટલમાં અંદર ફસાયેલા લગભગ ૧૦૦ લોકોને બચાવવા માટે ઓછામાં ઓછી ત્રણ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. આ પછી ૧૦ સરકારી એમ્બ્યુલન્સ અને ૩૦ ખાનગી એમ્બ્યુલન્સનો ઉપયોગ કરીને લોકોને બહાર કાઢીને અન્ય હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા.રિપોર્ટ અનુસાર, ડિંડીગુલ જિલ્લાના તિરુચી રોડ પર સ્થિત આ ચાર માળની હોસ્પિટલના ગ્રાઉન્ડ ફ્લોર પર સૌથી પહેલા આગ લાગી હતી. આ પછી ધીમે ધીમે તેણે આખી હોસ્પિટલને ઘેરી લીધી. રિસેપ્શન એરિયામાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. વધુ તપાસ ચાલી રહી છે.

# દિલ્હીની અનેક શાળાને ફરીથી બોમ્બની ધમકીનો ઈમેલ મળ્યો

## પોલીસ અને ફાયર વિભાગે તાબડતોબ તપાસ હાથ ધરી, શંકાસ્પદ કશું ન મળતા રાહત

**આજકાલ પ્રતિનિધિ**
**નવી દિલ્હી**

રાજધાની નવી દિલ્હીની ઘણી શાળાઓને આજે ફરી બોમ્બની ધમકી મળી હતી, જેના પગલે પોલીસ અને ફાયરની ટીમ દોડી ગયા હતા અને તપાસ હાથ ધરવામાં આવી હતી, પરંતુ કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું. દિલ્હીની ઈસ્ટ ઓફ કૈલાશ ડીપીએસ, સલવાન સ્કૂલ, મોર્ડન સ્કૂલ સહીત અનેક શાળાઓને ધમકીભર્યા ઈમેલ મળ્યા છે.

દિલ્હીની શાળાઓમાં બોમ્બની ધમકીઓનો સિલસિલો અટકયો નથી. રોજેરોજ કોઈ અજાણ્યો વ્યક્તિ ઈ-મેલ કે કોલ દ્વારા બોમ્બ અંગે શાળા સંચાલકોને જાણ કરે છે અને ગભરાટનું વાતાવરણ સર્જાય છે. ગયા સોમવારે (૯ ડિસેમ્બર) પણ દિલ્હીની લગભગ ૪૦ શાળાઓને બોમ્બની ધમકી આપવામાં આવી હતી. આ ધમકી ઈ-મેલ દ્વારા આવી હતી. સોમવારની સવાર

(અનુ. છઠ્ઠા પાને)

### રિઝર્વ બેંકને પણ ઉડાવી દેવાની ધમકી

ભારતીય રિઝર્વ બેંકને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સત્તાવાર વેબસાઈટ પર ધમકીભર્યો ઈ-મેલ આવ્યો. આ ઈમેલ રશિયન ભાષામાં મોકલવામાં આવ્યો હતો અને તેમાં રિઝર્વ બેંકને ઉડાડવાની વાત કરવામાં આવી હતી. આ મામલે માતા રમાબાઈ માર્ગ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.છેલ્લા કેટલાક દિવસોથી દેશમાં વિમાનો, શાળાઓ, બેન્કોને બોમ્બથી ઉડાવી દેવાના ઘણા ધમકીભર્યા કોલ અને મેઈલ આવી રહ્યા છે અને તેના પગલે તંત્ર

(અનુ. છઠ્ઠા પાને)






# પોરબંદર જિલ્લાના પ્રભારીમંત્રીની અધ્યક્ષતામાં યોજાઇ બેઠક

## અધિકારીઓ અને પદાધિકારીઓ સાથે કરી સમીક્ષા

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદર જિલ્લા પ્રભારી મંત્રીએ જિલ્લાના અધિકારીઓ તથા પદાધિકારી સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

પોરબંદર જિલ્લા પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જિલ્લાના અધિકારીઓ તથા પદાધિકારી સાથે સમીક્ષા બેઠક યોજી હતી. પ્રભારી મંત્રીએ સિંચાઈ, રોડ રસ્તા, સ્વચ્છતા, પાણી, આરોગ્ય સહિતના કામો વિશે તલસ્પર્શી માહિતી મેળવી પ્રજાહિતલક્ષી કામો તાકીદે પૂર્ણ કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લાગતી બાબતોના કેબિનેટ મંત્રી અને પોરબંદર જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં શહેરમાં આવેલ સર્કિટ હાઉસ ખાતે જિલ્લાના અધિકારીશ્રીઓ તથા પદાધિકારીઓ સાથે જિલ્લાના વિકાસ કામો અંગે સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં ધારાસભ્ય અર્જુનભાઈ મોઢવાડિયા, જિલ્લા પંચાયતના પ્રમુખ પરબતભાઈ પરમાર, પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયા, જિલ્લા ભાજપના પ્રમુખ રમેશભાઈ ઓડેદરા, કલેક્ટર એસ. ડી. ધાનાણી, જિલ્લા વિકાસ અધિકારી કે. બી. ઠક્કર સહિત વિવિધ વિભાગના અધિકારીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



પોરબંદરના પ્રભારીમંત્રી કુંવરજી બાવળીયાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઇ (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# પોરબંદરમાં વિદ્યાર્થીનીઓને અપાયું કાયદાકીય માર્ગદર્શન

## ૧૮૧ ની ટીમ દ્વારા મહિલા પોલીસ સ્ટેશન, સી-ટીમની કામગીરી તેમજ સાઈબર ક્રાઈમ વિષે અપાયું મહત્વનું માર્ગદર્શન

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદરમાં ૧૮૧ ની ટીમ દ્વારા વિદ્યાર્થીનીઓને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

પોરબંદરની પંચવટી સોસાયટી ખાતે ચાલતા સંસ્કાર ટ્યુશન ક્લાસીસમાં ૧૮૧ અભયમ ટીમ દ્વારા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરી ટ્યુશનમાં આવતી વિદ્યાર્થિનીઓને મહિલા સુરક્ષા અંગે મહિલાલક્ષી કાયદાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થિનીઓને ખાસ જાતીય સતામણી સામે રક્ષણ આપતી કાયદાકીય માહિતી આપી હતી.૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વિષે,મહિલા પોલીસ સ્ટેશન,સી-ટીમ તેમજ સાઈબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમ માં ૧૮૧ અભયમ ટીમના કાઉન્સેલર અંજના દાફડા, કોન્સ્ટેબલ કિરણબેન ચાવડા,પાયલોટ પ્રશાંતભાઈ રાઠોડ તેમજ કમલાબાગ સી- ટીમમાંથી રમીલાબેન ઉપસ્થિત રહ્યા હતા.



પોરબંદરમાં ૧૮૧ ની ટીમ દ્વારા વિદ્યાર્થીનીઓને કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

# ભોરસર સીમશાળાના વિદ્યાર્થીઓએ ૪૮ કલાક જંગલમાં રહી મેળવ્યું વન્યસૃષ્ટિનું જ્ઞાન

## પશુ-પંખી, જડ્ડીબુટ્ટી તેમજ વનસ્પતિને પ્રત્યક્ષ નિહાળી મેળવી સમજ: ૫૦ વિદ્યાર્થીઓ માટે શિબિર બાદ થયું ક્વીઝ સ્પર્ધાનું આયોજન

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

રાણાવાવની શ્રી ભોરાસર સીમશાળાના વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો.

દર વર્ષે પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવે છે.જેનો હેતુ માનવ સંસ્કૃતિનો આધાર અને અસ્તિત્વનો જેના પર છે એવા વન્ય જીવો અને નૈસર્ગિક વાતાવરણની પુરી જાણકારી વિદ્યાર્થીઓ મેળવે તે અંગેનો છે.આ અંગે એક પ્રાકૃતિક શિક્ષણ શિબિરનું આયોજન થયું હતુ. જેમાં શ્રી ભોરાસર સીમ શાળાના ૫૦ વિદ્યાર્થીઓએ કિલેશ્વર ખાતે ભાગ લીધો હતો.વિદ્યાર્થીઓને પર્યાવરણને બચાવવા પ્લાસ્ટિક મુક્ત ભારત, આયુર્વેદ અને ઓર્ગેનિકની જાણકરી મળે એવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા.વિદ્યાર્થીઓ ૪૮ કલાક જંગલમાં રહી ઉપલબ્ધ વનસ્પતિઓ, પ્રાણીઓ, પક્ષીઓ, નદીઓ, પર્વતો વગેરેને પ્રત્યક્ષની નિહાળી, મુલાકાત કરી જ્ઞાન મેળવેલ છે.સાથે સાથે વિવિધ પશુ, પક્ષીઓ અને જીવોની માહિતી પ્રોજેક્ટ મારફત પણ મેળવેલ છે.વિવિધ તજજ્ઞો મારફત વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરૂ પાડેલ હતું.તમામ વિદ્યાર્થીઓને શિબિરમાં ભાગ લેવા બદલ પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. શિબિર બાદ આજ વિષયે કિવઝ રાખવામાં આવી હતી અને વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ પણ આપવામાં આવેલ છે. શાળાના ધો.૬ થી ૮ ના ગણિત વિજ્ઞાનના શિક્ષક અરજનભાઈ વરૂ અને ભાષાના શિક્ષક ધારાબેન પંડ્યાએ સયોજક તરીકેની ભુમિકા ભજવેલ હતી.

શાળાના આચાર્ય લાખાભાઈ ચુંડાવદરા અને શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ વિજયભાઈ જમરિયાએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



રાણાવાવની શ્રી ભોરાસર સીમશાળાના વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

# ગ્રામીણ ટપાલ જીવન વીમાના એજન્ટ બનવા માટે લેવાશે ઈન્ટરવ્યુ

## ૨૦મી ડિસેમ્બરે અધિક્ષક ડાકઘરની કચેરીએ ઉપસ્થિત રહેવા અપાઇ સુચના

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદર જિલ્લામાં ગ્રામીણ ટપાલ જીવન વીમાના એજન્ટ બનવા માટે સોનેરી તક આપવામાં આવી છે જેના ઈન્ટરવ્યુ ૨૦મી ડિસેમ્બરે યોજાશે.

ટપાલ જીવન વીમા/ ગ્રામીણ ટપાલ જીવન વીમા એજન્ટની નિયુક્તિ માટે 'વોક ઈન ઈન્ટરવ્યુ'નું આયોજન કરવામાં આવ્યુ છે. રસ ધરાવતા ઉમેદવારો 'વોક ઈન ઈન્ટરવ્યુ'માં હાજર રહી શકે છે. જે અધિક્ષક ડાકઘર, પોરબંદરમંડળ, એમ.જી. રોડ, પોરબંદર ખાતે તા. ૨૦-૧૨-૨૦૨૪ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધીમાં રાખવામાં આવેલ છે. ઉમેદવારોએ પોતાના ઉંમરનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાતો, આવશ્યક પ્રમાણપત્ર અને અનુભવ (જો હોય તો)બાબતના દાખલા સાથે લાવવાના રહેશે. યોગ્યતાનની શરતો અને (અન્ય શરતો પોસ્ટઓફિસના નિયમોને આધિન રહેશે.), લાયકાત ૧૦મું પાસ તથા ઉંમર ૧૮થી ૫૦ વર્ષ ની વચ્ચે હોવી જરૂરી છે. એકસ-લાઈફ એડવાઈઝરો, આંગણવાડી કાર્યકરો, મહિલામંડળ કાર્યકરો, સ્વ-સહાયજૂથના કાર્યકરો, એકસ-સર્વિસમેન, નિવૃત્ત શિક્ષક, બેરોજગાર, સ્વરોજગાર યુવાનો અથવા ઉપરોકત લાયકાત ધરાવતા કોઈપણ ઈચ્છુક વ્યક્તિ જોડાઇ શકે છે. ઈન્સ્યોરન્સ પ્રોડકટસ વેચવાનો અનુભવ ધરાવનાર અને કોમ્પ્યુટરની જાણકારી તથા સ્થાનિક ક્ષેત્રના જાણકારને પ્રાથમિકતા આપવામાં આવશે. પસંદ થનાર ઉમેદવારને ૫૦૦૦ રૂપિયાના એન.એસ.સી./કે.વી.પી. ખાતુ પોસ્ટઓફિસમાં ખોલાવી સિક્યોરીટી ડિપોઝીટ તરીકે પ્લેજ કરાવવાના રહેશે. ટપાલ જીવન વીમા એજન્ટ તરીકે પસંદગી થનાર ટપાલ જીવન વીમાની કામગીરી કરીને ધારાધોરણ અનુસાર આકર્ષક કમીશન મેળવી શકે છે.

કોઈપણ લાઈફ ઈન્સ્યોરન્સમાં કામ કરતા એજન્ટોને પી.એલ.આઈ. આર. પી. એલ.આઈ.ની એજન્સી મળવાપાત્ર નથી. ઉમેદવારે પોતાની સાથે ૧ પાસપોર્ટ સાઈઝ ફોટો, આધારકાર્ડ, પાનકાર્ડ, ધોરણ ૧૦ની માર્કશીટની નકલ તથા ઓરીજનલ લાવવાની રહેશે.

# પોરબંદરના કેન્દ્રીય વિદ્યાલય ખાતે ભારતીય ભાષા ઉત્સવની થઇ ઉજવણી

## વિદ્યાર્થીઓએ બનાવ્યું ભાષાનું વૃક્ષ:નેચર વોક પ્રવૃત્તિ અંતર્ગત છાત્રોએ કરાવ્યો વૃક્ષો અને છોડનો પરિચય




પોરબંદરના કેન્દ્રીય વિદ્યાલય ખાતે ભારતીય ભાષા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદરના કેન્દ્રીય વિદ્યાલય ખાતે ભારતીય ભાષા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ.

પોરબંદરના કેન્દ્રીય વિદ્યાલય ખાતે ભારતીય ભાષા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ.જે સુબ્રમણ્યમ ભારતીના જન્મદિવસની ઉજવણીમાં 'ભારતી'ના બિરૂદથી સન્માનિત કરવામાં આવ્યા હતા.ભારતીએ મદ્રાસમાં સ્વતંત્રતા ચળવળનું નેતૃત્વ કર્યું.ભારતીય ભાષા મહોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા ભાષાનું વૃક્ષ બનાવવામાં આવ્યું હતુ અને નેચરવોક પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓને શાળાના પ્રાંગણમાં આવેલા વૃક્ષો, છોડ વગેરેનો પરિચય કરાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ડિજિટલ જર્નલ્સ બનાવ્યા,જેમાં તેઓ વિવિધ ભાષાઓમાં શીખેલા નવા શબ્દો અને શબ્દસમુહો તેમના અર્થ અને ઉપયોગ સાથે રેકોર્ડ કરે છે.કુકબુક પ્રોજેકટ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ રાજ્યોની વાનગીઓ સાથે કુકબુક બનાવવામાં આવી હતી,જે સંબંધિત ભાષાઓમાં લખેલી હતી.વિદ્યાર્થીઓને ભારતીયના જીવનની વાર્તાઓ અને ટુચકાઓ શેર કરવામાં આવી હતી,જે રાષ્ટ્રીય એકીકરણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અને સમાવિષ્ટ ભારતની તેમની દ્રષ્ટિને પ્રકાશિત કરે છે.વિવિધ ભારતીય ભાષાઓના વિદ્યાર્થીઓને અનુરૂપ વિવિધ ભાષાઓ અને લોક પરંપરાઓ પર આધારિત ડોકયુમેન્ટરી બતાવવામાં આવી હતી.શાળાના વિવિધ રાજ્યોના વિદ્યાર્થીઓએ એક કાર્યક્રમ રજુ કર્યો હતો જ્યાં તેઓએ તેમની ભાષા અને સંસ્કૃતિ વિશે પત્રો લખીને, અનુવાદ કરીને અને અન્ય વિદ્યાર્થીઓ સાથે આદાન-પ્રદાન કરીને એકતાનો સંદેશ આપ્યો હતો.આ રીતે શાળામાં 'ભારતીય ભાષા ઉત્સવ'નું આયોજન સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું.

# સાણંદના લેખંબા ખાતે રામકૃષ્ણમઠમાં પ્રાર્થનાખંડ સહિત સાધુનિવાસનું થયુ લોકાર્પણ



સાણંદના લેખંબા ખાતે રામકૃષ્ણમઠના લોકાર્પણ પ્રસંગે પોરબંદરના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા (તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

## પોરબંદરથી પણ અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

અમદાવાદના રામકૃષ્ણ મઠ દ્વારા સાણંદના લેખંબા ખાતે રામકૃષ્ણમઠમાં નવનિર્મિત પ્રાર્થના ખંડનું લોકાર્પણ તથા સાધુનિવાસ અને ભોજનકક્ષનું ઉદ્દ્ઘાટન થતા પોરબંદરથી પણ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ સાણંદ ખાતે લેખંબામાં રામકૃષ્ણ મઢનું લોકાર્પણ અમદાવાદ રામકૃષ્ણ પરમહંસ મિશન દ્વારા આણંદ ખાતે એક દિવ્ય પ્રાર્થનાખંડ લોકાર્પણ તથા સ્વામી પ્રેમાનંદ મહારાજની જન્મજયંતી નિમિત્તે દેશભરમાંથી સામાજિક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.ખાસ કરીને આ કાર્યક્રમમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું લાઈવ વિમોચન ભકિતના સાત બચપનની યાદ અને પોરબંદરના ભોજેશ્વર પ્લોટમાં આવેલ રામકૃષ્ણ પરમહંસનું મંદિર યાદ કરતા ખુબ ભાવુક થયા હતા તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ઉદ્ બોધન કર્યું હતુ,આ કાર્યક્રમ ત્રણ દિવસ માટે આયોજિત કરવામાં આવ્યો હતો.જેમાં ભોજન સમારોહ, સંગીત સંધ્યા, આરતી, લોકસાહિત્ય, નૃત્ય સાથે વિવિધ પ્રકારના કલા પ્રદર્શન રજુ કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમ અંતર્ગત પોરબંદર શહેરમાંથી અખિલ ભારતીય સફાઈ મજદુર સંઘના જિલ્લા અધ્યક્ષ જીતુભાઈ પુનાણી,ઉપપ્રમુખ નરેશભાઈ ઢાકેચા તેમની જિલ્લા ટીમ સાથે ઉપસ્થિત રહ્યા અને વ્યવસ્થાપકની મોનિટરિંગ જાળવણી માટે સતત પ્રયત્નશીલ રહ્યા હતા.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઘનશ્યામભાઈ પટેલ,વિશાલભાઈ ગોહેલ ઘનશ્યામભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યુ હતુ.

# પોરબંદરના વોર્ડ નં-૧૦ માં સફાઈ કામગીરીનું થયું નિરીક્ષણ



પોરબંદર-છાંયા નગરપાલિકાના સેનિટેશન કમિટીના ચેરમેન લાખાભાઇ ભોજાભાઇ ખુંટી તેમજ છાંયા નગરપાલિકાના પુર્વ પ્રમુખ ભોજાભાઇ કાનાભાઇ ખુંટીએ વોર્ડ નં-૧૦ ના વિસ્તારમાં સફાઈ નિરીક્ષણ કર્યું હતું તેમજ દરેક વોર્ડમાં રાઉન્ડ કરેલ તેમજ સફાઈ કામગીરીનું નિરિક્ષણ કર્યુ હતુ.તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

# પોરબંદરમાં મહિલાઓ માટે કાયદાકીય જાગૃતિ સેમિનાર યોજાયો

## મહિલાઓને પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ,ભ્રૂણહત્યા, પોકસો એક્ટ, વિવિધ હેલ્પલાઇન અને મહિલાલક્ષી યોજનાઓની માહિતી અપાઈ

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદર જિલ્લા પંચાયત સભાખંડ ખાતે મહિલાઓ માટે કાયદાકીય જાગૃતિ સેમિનાર યોજાયો હતો.

પોરબંદર જિલ્લા મહિલા અને બાળ અધિકારીની હંસાબેન ટાઢાણીનાં માર્ગદર્શન હેઠળ બેટી બચાવો બેટી પઢાઓ યોજના અંતર્ગત મહિલાઓ વિરુદ્ધ થતી હિંસા નાબુદી અભિયાન અન્વયે વિવિધ આયોજનો કરવામાં આવ્યા છે,જે અંતગર્ત પોરબંદર આઈ.સી .ડી.એસ કચેરીના સંકલનથી પોરબંદર જિલ્લા પંચાયત સભાખંડ ખાતે આંગણવાડી કાર્યકર બહેનો સાથે પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ અંગે જાગૃતી સેમિનાર યોજાયો હતો.કાયદા નિષ્ણાંત યોગેશભાઈ નનેરાએ પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. કાયદા વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ કાયદામાં સજાની વિવિધ જોગવાઈઓ વિશે વિસ્તૃત સમજુતી કરવામાં આવી હતી.આ કાર્યક્રમ દ્વારા ભ્રૂણહત્યા, પોક્સો એક્ટ વિવિધ હેલ્પલાઈન વિશે વિગતે ચર્ચા કર્યા બાદ ડી.એચ.ઈ.ડબ્લ્યુ ટીમ, ઓ.એસ.સી. ટીમ,પી.બી.એસ.સી. ટીમ,ડી.સી.પી.યુ. નો સ્ટાફ દ્વારા યોજનાકીય માહિતી આપવામાં આવી હતી અને સેમીનારમાં ઉપસ્થિત બહેનોને બેટી બચાવો બેટી પઢાવોના લોગોવાળી બેગ આપવામાં આવી હતી.તેમજ આઈ.ઈ.સી. પેમ્પલેટનું વિતરણ પ્રચાર-પ્રસાર માટે કરેલું હતુ.તેમજ બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત શપથ લેવામાં આવ્યા હતા. આ સેમીનારમાં પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ સેમીનાર સમિતિના પ્રમુખ દુર્ગાબેન લાદીવાલા, તેમજ વિવિધ સામાજિક સંસ્થામાં જોડાયેલ નિધીબેન શાહ,રાણાવાવ-કુતિયાણા તેમજ ઘટક-૧ ના સી.ડી.પી.ઓ, મુખ્યસેવિકા બહેનો,તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી હસ્તકની કચેરીના કર્મચારીઓ અને આંગણવાડી કાર્યકર બહેનો ઉપસ્થિત રહી હતી.



પોરબંદર જિલ્લા પંચાયત સભાખંડ ખાતે મહિલાઓ માટે કાયદાકીય જાગૃતિ સેમિનાર યોજાયો હતો.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

# પાછતર ખાતે યોજાયેલા કેમ્પમાં પોરબંદરની સંસ્થાએ આપી સેવા



પાછતર આયુષ્યમાન આરોગ્ય મંદિર ખાતે ભાણવડના સંકલ્પ ગ્રુપ અને પાછતરના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ અને ફિઝિયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ.મહાપ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ.બહોળી સંખ્યામાં લોકોએ રકતદાન કર્યું હતું અને ફિઝિયોથેરાપી કેમ્પનો પણ લાભ લીધો હતો.આ સેવાકાર્યમાં શ્રીકૃષ્ણ-સુદામા ગ્રુપના સેવાભાવિ સભ્યો ડો, રમેશભાઈ ભટ્ટ,પરાગભાઈ લાખાણી, અજયભાઈ મોનાણી, રમેશભાઈ દવે સેવા સહભાગી થયા હતા.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

Printer and Publisher : Chandresh Dhanraj Jethani, Owner : Dhanraj News & Media Pvt. Ltd., Printed at Aajkaal Printing Press, Near Navdurga Auto, Center Point, M. G. Road, Porbandar and Published from Aajkal Karyalaya, Ground Floor, 3- Harmony Complex, Near Old Fountain Circle, Porbandar, Gujarat. ★ Editor: Kana Bantva ★ Responsible for Selection and Publication of News under PRB Act.

# પોરબંદરમાં પ્રવાસઅર્થે આવતા વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા

## સ્વ. હીરાલાલભાઈ (ઇકુભાઈ) શિયાળના સ્મરણાર્થે શિયાળ અને મોદી પરિવાર દ્વારા થયું આયોજનઃ ગુજરાત રાજયની તમામ શાળાના પ્રવાસે આવતા વિદ્યાર્થીઓ લઈ શકશે લાભઃ સતત બીજા વર્ષે થયેલા આયોજનને પોરબંદરવાસીઓએ આવકાર્યું

**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

પોરબંદરમાં પ્રવાસઅર્થે આવતા વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક ભોજનની વ્યવસ્થા શિયાળ અને મોદી પરિવાર દ્વારા કરવામાં આવી છે.



પોરબંદર એ ગાંધી જન્મભુમિની સાથોસાથ શ્રી કૃષ્ણસખા સુદામાની પાવનભુમિ છે અને અહી વિશ્વનું એકમાત્ર સુદામા મંદિર આવેલું છે અને પુ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝા નિર્મિત સાંદીપની આશ્રમ ઉપરાંત ફરવાલાયક રમણીય દરિયાકાંઠો આવેલ હોવાથી પોરબંદર આસપાસ અને ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં સ્કુલમાંથી વિદ્યાર્થીઓ પ્રવાસ માટે લાવવામાં આવે છે.ત્યારે સ્વ.હીરાલાલભાઈ (ઈકુભાઈ) ગગનભાઈ શિયાળના સ્મરણાર્થે રણછોડભાઈ ગગનભાઈ શિયાળ, મયુરભાઈ તથા હિરેનભાઈ હીરાલાલ શિયાળ અને મનુભાઈ મોદી તથા સાગરભાઈ મોદી દ્વારા વિશિષ્ટ આયોજન હાથ ધરવામાં આવ્યું છે, તેમાં ગાંધી-સુદામા નગરી પોરબંદરના પ્રવાસે આવતા ગુજરાત રાજયની તમામ શાળાના વિદ્યાર્થીઓને વિનામુલ્યે મહાપ્રસાદી (જમવા) ની વ્યવસ્થા કરવામાં આવેલ છે, જેનો લાભ લેવા સર્વે શાળા સંચાલકોને શિયાળ તથા મોદી પરિવાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

આ મહાપ્રસાદી (ભોજન) નો લાભ લેવા ઈચ્છતી શાળાના સંચાલકોએ વ્યવસ્થાના ભાગરૂપે ત્રણ દિવસ પહેલા મનુભાઈ મોદી મો.૯૮૨૫૨૩૦૩૮૪, કાનાભાઈ મો.૯૬૨૪૬૪૨૦૩૧, અક્ષીત કાનાબાર મો.૭૦૧૬૫૯૨૭૦૮ ઉપર જાણ કરવાની રહેશે. ભાણજી લવજી સેનેટરી,રેલ્વે સ્ટેશન સામે, એસ.વી.પી. રોડ, પોરબંદર ખાતે આ મહાપ્રસાદીનું આયોજન બપોરે ૧૧:૩૦ થી ૩:૦૦ દરમિયાન કરવામાં આવેલ છે.આ પ્રસાદી સેવા તા.૧૮.૧૨.૨૦૨૪ બુધવારથી શરૂ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે,ગત વર્ષે પણ આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યુ હતુ,જેને ખુબ જ પ્રતિસાદ મળ્યો હતો અને ૨૫૦૦૦ વિદ્યાર્થીઓએ ભોજનનો લાભ લીધો હતો, શિક્ષણમંત્રી કુબેરભાઈ ડીંડોરે પણ આ પ્રવૃત્તિની નોંધ લઈને ટ્વીટરના માધ્યમથી બિરદાવી હતી.ત્યારે સતત બીજા વર્ષે થયેલ આ આયોજનને પોરબંદરવાસીઓ બિરદાવી રહ્યા છે.




# પોરબંદરના મોરઝરીયા પરિવારના આંગણે શુભ લગ્નોત્સવ

## ચિ. ડો. પ્રિન્સ ॥卐॥ ચિ. કાજલ



પોરબંદરના ભદ્રકાલી સાયકલ સ્ટોરવાળા સામાજિક અગ્રણી અશ્વિનભાઈ ચંદુલાલ મોરઝરીયા તથા રક્ષાબેનના સુપુત્ર ચિ. ડો. પ્રિન્સના શુભ લગ્ન પોરબંદરના જતીનભાઈ રમેશભાઈ પડાણીયા અને અલ્પાબેનની સુપુત્રી ચિ. કાજલ સાથે તા. ૧૪-૧૨-૨૦૨૪ના શુભ દિને નિધારિલ છે. ત્યારે આ પ્રસંગે વડીલવૃન્દ ચંદુલાલ લક્ષ્મીદાસ મોરઝરીયા અને મંજુલાબેન ચંદુલાલ મોરઝરીયાના આશીર્વાદ પ્રાપ્ત થયા છે. આજે સવારે શુભમંડપ મુહૂર્તમાં વિશાળ સંખ્યામાં પરિવારજનો, સ્વજનો, સ્નેહીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભદ્રકાળીરોડ પર આવેલી લોહાણા મહાજનવાડી ખાતે આજે સાંજે પાંચ વાગ્યે સુરીલી સાંજી, સાત વાગ્યે સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યુ છે તો આવતીકાલે શનિવારે તા. ૧૪-૧૨ના ૯:૩૦ કલાકે જાન પ્રયાણ થશે અને બપોરે ૧૨:૩૫ કલાકે હસ્તમેળાપ થશે. સત્કાર અને ભોજન સમારોહ તા. ૧૪-૧૨ ને શનિવારે રાત્રે ૮:૦૦ કલાકે હોટેલ ઓશીયેનીક ગ્રાઉન્ડ ખાતે યોજાશે. અમી વરસાવતા પરિવારજનો હંસાબેન કિશોરભાઈ મોરઝરીયા તથા કિશોરભાઈ ચંદુલાલ મોરઝરીયા, ભાવનાબેન દિલિપભાઈ મોરઝરીયા તથા દિલીપ ચંદુલાલ મોરઝરીયા, નિધીબેન પ્રતિકભાઈ મોરઝરીયા તથા પ્રતિક દિલીપભાઈ મોરઝરીયા, જીંકલબેન જયભાઈ મોરઝરીયા તથા જય કિશોરભાઈ મોરઝરીયા, અવનીબેન સાગરભાઈ કારીયા તથા સાગર અતુલભાઈ કારીયા દ્વારા નવદંપતીને શુભાશિષ પાઠવવામાં આવી રહ્યા છે. આ મંગલ પરિણય પ્રસંગે ચંદુલાલ લક્ષ્મીદાસ મોરઝરીયા મંજુલાબેન ચંદુલા મોરઝરીયા, અશ્વિનભાઈ ચંદુલાલ મોરઝરીયા, રક્ષાબેન અશ્વિનભાઈ મોરઝરીયા ઉપરાંત જયશ્રીબેન અતુલકુમાર કારીયા, અતુલકુમાર ત્રિભોવનદાસ કારીયા, મધુબેન મનસુખકુમાર તન્ના, મનસુખકુમાર પોપટભાઈ તન્ના, જાનકીબેન ગૌરવકુમાર પાબારી, ગૌરવકુમાર અતુલભાઈ પાબારી, ધૃતિબેન દર્શીલકુમાર સોઢા, દર્શીલકુમાર રસીકભાઈ સોઢા સહિત પરિવારજનો સૌને આવકારવા આતુર છે. તો મોંઘેરા મામેરીયા સુરતના ખીરૈયા પરિવાર પણ મામેરૂ કરવા માટે આવી ગયા છે. ત્યારે સહુ નિમંત્રિતોને પણ આ સુવર્ણ અવસરોમાં સમયસર ઉપસ્થિત રહેવા અને નવદંપતીને શુભેચ્છા આપવા યાદી મોરઝરીયા પરિવાર દ્વારા યાદી પાઠવાઈ છે.

# ગોઢાણીયા મહિલા કોલેજમાં યુવતીઓને અનેક પ્રકલ્પો દ્વારા અપાઈ રહ્યુ છે આધુનિક શિક્ષણ

## નવી શિક્ષણ નીતિ પ્રમાણે યોજાઈ રહ્યા છે વિવિધ કાર્યક્રમોઃ જુદા જુદા વર્કશોપ, સેમિનાર, જનજાગૃતિના કાર્યક્રમો તેમજ આધુનિક ટેકનોલોજીના માધ્યમથી થઈ રહ્યો છે વિદ્યાર્થીનીઓનો સર્વાંગીણ વિકાસ

**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

પોરબંદરની ગોઢાણીયા મહિલા કોલેજમાં વિદ્યાર્થીનીઓને જુદા જુદા પ્રકલ્પો દ્વારા પ્રગતિશીલ અને વિકાસલક્ષી શિક્ષણ પૂરુ પાડવામાં આવી રહ્યુ છે.

નવી શિક્ષા પ્રણાલી ૨૦૨૦ પ્રમાણે વિદ્યાર્થીઓનું ફકત અભ્યાસક્રમ દ્વારા જ ઘડતર નહી પરંતુ વિદ્યાર્થીઓને સમગ્રલક્ષી ઘડતર થાય તે માટેની પુર્તતા કરવા માટે કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ઉચ્ચ શિક્ષણ વિભાગની સ્વાયત સંસ્થા નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (કે.સી.જી.) દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ ડો. વી.આર. ગોઢાણીયા મહિલા કોલેજમાં અમલમાં મુકાયેલ છે. આ બધ પ્રવૃત્તિઓને કારણે નેક દ્વારા કોલેજને ગત વર્ષે 'એ' ગ્રેડ મળેલ હતો.



પોરબંદરની ગોઢાણીયા મહિલા કોલેજની વિદ્યાર્થીનીઓને અનેક પ્રકલ્પો દ્વારા પ્રગતિશીલ શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

આ માટે સાઈબર કલબ, ઉદ્યોગ સાહસિકતા સેલ, જી-૨૦ સેલ, ઈનોવેશન સેલ, સ્કોપ, સ્વચ્છતા હી સેવા, યોગ પ્રશિક્ષણ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. સાયબર કલબ દ્વારા વિદ્યાર્થીઓમાં સાઈબર ફ્રોડથી કેમ સુરક્ષિત રહેવુ તેનું માર્ગદર્શન અપાઈ રહ્યુ છે. કારણકે વિશ્વમાં આપણાં દેશમાં આર્થિક વ્યવહારમાં સૌથી ઝડપી ડિજિટલાઈઝેશન થઈ રહ્યું છે. ત્યારે સાઈબર ફ્રોડના કિસ્સા પણ ખૂબ જ વધતા જાય છે. તે સંજોગોમાં વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં સાઈબર ફ્રોડ અંગે જાગૃતિ આવે તે માટે કોલેજ પોતાની નૈતિક જવાબદારી સમજીને વિદ્યાર્થીઓને જાગૃતિ કાર્યક્રમ અમલમાં મુકાઈ રહ્યો છે. સરકારના આવા જ એક પ્રોગ્રામમાં સાઈબર કલબના કો-ઓર્ડીનેટર પ્રો. ડો. રણજીતસિંહ સરવૈયા અમદાવાદ કે.સી.જી. ખાતે બે દિવસના વર્કશોપમાં હાજરી આપશે. તદુપરાંત આગામી વીકમાં કોલેજના દરેક કલાસમાં સાઈબર ક્રાઈમ અવેરનેશ પ્રોગ્રામ અમલમાં મુકવામાં આવશે. ઉદ્યોગ સાહસિક સેલ દ્વારા વિદ્યાર્થીઓને એસ.એસ.આઈ.પી. દ્વારા ડીઝીટલ પ્લેટફોર્મ પૂરી પાડવામાં આવી રહ્યુ છે. જેમાં હાલ કોલેજમાં ભણતી વિદ્યાર્થીઓ જે ઘરે બેઠા નાના મોટા વ્યવસાય કરે છે. તેને કોલેજના પોતાના સોશ્યલ મીડિયા સેલ દ્વારા પ્રસિદ્ધિ આપવામાં આવી રહી છે. જેથી આ માર્કેટીંગ પ્રવૃત્તિ દ્વારા એક માર્કેટ વિકસે ઉપરાંત વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાના ગુણો વિકસે. પ્રિન્સિપાલ કેતન શાહ દ્વારા આગામી સમયમાં ગોઢાણીયા એકસ્પો યોજવા જઈ રહ્યો છે. જી-૨૦ પ્રોગ્રામ અંતર્ગત આ જી-૨૦નું ભારત પણ એક સભ્ય હોય આ જી-૨૦ના અન્ય દેશો સાથેના આર્થિક વ્યવહાર અંગેનુ અને તેની મહત્વતા અંગેનું જ્ઞાન વિદ્યાર્થીઓને આપવામાં આવી રહ્યુ છે. ઈનોવેશન કલબ દ્વારા વિદ્યાર્થીઓને અમૃત નવસર્જન સોફટવેરના માધ્યમથી કોડિંગ જ્ઞાન મેળવીને એનીમેશન બનાવતા શીખી રહ્યા છે. આગામી તા. ૧૮ અને ૧૯ના રોજ કે.સી.જી. દ્વારા કોલેજના ઈનોવેશન સેલનો બે દિવસનો વર્કશોપ યોજાવાનો છે. જેમાં બહારથી આવેલા એકસપર્ટ દ્વારા વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરશે. 'સ્વચ્છતા હી સેવા' પ્રકલ્પ અંતર્ગત વિદ્યાર્થીઓને સ્વચ્છતા ૨.૦ પ્રોગ્રામથી કેળવણી અપાઈ રહી છે.

યોગકલબ દ્વારા દરેક વિદ્યાર્થીનીઓને યોગનું પ્રશિક્ષણ મળે તે માટે કોલેજમાં શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી, વેરાવળ દ્વારા ડીપ્લોમા ઈન યોગનો કોર્ષ ચલાવાઈ રહ્યો છે. જેના દ્વારા અનેક વિદ્યાર્થીનીઓ આજે યોગ ટ્રેનર તરીકે કાર્ય કરી રહી છે. કોલેજનો મોટો વર્ગ યોગની પ્રવૃત્તિમાં રસ અને રૂચિ લેતા થાય તે માટે દર શનિવારે પ્રાર્થનાસભામાં જ યોગ કલબ દ્વારા વિદ્યાર્થીનીઓને યોગાસન અને યોગ અંગેની અન્ય વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ડો. વી.આર.ગોઢાણીયા મહિલા કોલેજની વિદ્યાર્થીઓને પોરબંદર પોલીસની સાથે મળીને સેલ્ફ ડિફેન્સની તાલીમ પણ આપવામાં આવી રહી છે. કોલેજની પર્યાવરણ અને ઈકો કલબ દ્વારા પર્યાવરણલક્ષી જાગૃતિ અભિયાન હેઠળ ગ્રીન પોરબંદર પ્રોજેકટમાં વિદ્યાર્થીનીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. માનવ ઉપરાંત પશુ, પક્ષીઓ, અને અન્ય જીવો પ્રત્યે સંવેદના અને કરૂણાનો ભાવ કેળવાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે.

વિશ્વમાં ચીન પછી સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. જેમાં ખૂબજ મોટુ માર્કેટ હોવાથી અને ઉપભોકતા વર્ગ મોટો હોવાથી કોલેજના ગ્રાહક સુરક્ષા સેલ દ્વારા ફૂડ એડલ્ટ્રેશન, ગ્રાહકના અધિકારો, ગ્રાહક સુરક્ષા ફોરમનો હેતુ, વસ્તુના બીલની જરૂરીયાત, ગેરંટી અને વોરંટી વચ્ચેનો તફાવત વગેરે બાબતની જાણકારી આપવામાં આવે છે. આ માટે ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળ સાથે તાજેતરમાં જ સંસ્થાએ જોડાણ કરેલ છે.

ડો. વી.આર. ગોઢાણીયા મહિલા કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. કેતન શાહ સ્પષ્ટપણ માને છે કે હવે ફકત ઉચ્ચ શિક્ષણમાં કામ કરતી કોલેજોનો રોલ ફકત અભ્યાસક્રમ પૂરો કરી વિદ્યાર્થીઓને ડિગ્રી આપવાનો નહી પરંતુ વિદ્યાર્થીઓને સમગ્રલક્ષી ઘડતર થાય તે હોવો જોઈએ.

# પોરબંદરમાં લોહાણા સમાજના ૧૨૧ વડીલોને કરાવાશે નિઃશુલ્ક યાત્રા

## શ્રી જલારામ મિત્ર મંડળ તથા દત્તાણી પરિવારના સંયુકત ઉપક્રમે 'જશોદા મા યાત્રા'નું આયોજનઃ વહેલીતકે નામ નોંધણી કરાવવા જણાવાયુ

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

પોરબંદરમાં લોહાણા સમાજના ૧૨૧ જેટલા વડીલોને નાથદ્વારાની નિઃશુલ્ક યાત્રા કરાવવામાં આવશે

શ્રી જલારામ મિત્ર મંડળ તેમજ શ્રીમતી સુધાબેન પ્રતાપભાઈ દત્તાણીના સંયુકત ઉપક્રમે 'જશોદામા યાત્રા'નું તા. ૫-૧-૨૦૨૫, રવિવારે સવારે ૮ કલાકે વાડીપ્લોટથી યાત્રાનું પ્રસ્થાન થશે. જે વિરપુર, ધરાઈ, બાલમુકુંદ બેઠકજી, કેશરીયાજી, શામળાજી, કાંકરોલી, નાથદ્વારા થઈ પોરબંદર તા. ૯-૧-૨૦૨૫ને ગુરવારે પરત આવશે.

આયોજક અરવિંદભાઈ રાજાએ જણાવ્યુ છે કે લોહાણા સમાજના ૧૨૧ જેટલા વડીલોને આ યાત્રા કરાવવામાં આવશે. જેમાં યાત્રિકોએ બીન જરૂરી સામાન સાથે લેવો નહીં, દરેક યાત્રિકે આધારકાર્ડ ઓરીજનલ સાથે લાવવાનું રહેશે. આધારકાર્ડ વગર યાત્રી આ યાત્રામાં જોડાઈ શકશે નહી તેની ખાસ નોંધ લેવી, યાત્રિકોએ પોતપોતાની દવા જે પોતે રેગ્યુલર લેતા હોય તે દવા તેમજ ડોકટરની ચીઠ્ઠી સાથે લેવી તેમજ ડોકટરનું સર્ટીફિકેટ પણ લેવાનું રહેશે. આ યાત્રા રઘુવંશી પરિવારના વડીલો માટે જ્ઞાતિના સહયોગથી ફકત ધાર્મિક ભાવનાસર નિઃશુલ્ક છે.

ફોર્મ મેળવવા માટે ગીરીરાજગેસ, વાડીપ્લોટ મો. ૯૪૨૭૭ ૩૪૭૧૦, અખીલ ગીફટ, સુદામાચોક હનુમાન મંદિરવાળી ગલી મો. ૭૬૦૦૧ ૧૧૩૧૩ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે. વિશેષ માહિતી માટે અરવિંદભાઈ રાજાના મો. ૯૮૨૫૩ ૮૬૧૭૯ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે. તા. ૧-૧-૨૦૨૫ના રોજ યાત્રિકે ફોર્મ રૂબરૂ આપવાનું રહેશે. ફોર્મ પરત લોહાણા મહાજનવાડી ભદ્રકાળીરોડ ખાતે આપવાનું રહેશે. તેમ જણાવીને વહેલીતકે નામનોંધણી કરાવવા જણાવાયુ છે.

# વિજય મર્ચન્ટ ટ્રોફીમાં પોરબંદરના ભાર્ગવ સોનેરીએ પાંચ વિકેટ મેળવી

## શિમોગામાં રમાઈ રહેલ સૌરાષ્ટ્ર-હિમાચલપ્રદેશ વચ્ચેના ત્રિદિવસીય મેચમાં દાખવ્યુ ઉત્કૃષ્ટ પ્રદર્શન

**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

શિમોગા ખાતે વિજય મર્ચન્ટ ટ્રોફીના ત્રિદિવસીય મેચમાં પોરબંદરના ભાર્ગવ સોનેરીએ પાંચ વિકેટ મેળવી છે.



શિમોગામાં રમાઈ રહેલી વિજય મર્ચન્ટ ટ્રોફીના સૌરાષ્ટ્ર-હિમાચલ પ્રદેશ વચ્ચેના ત્રિદિવસીય મેચમાં બેટસમેનો બાદ સૌરાષ્ટ્રના બોલરો પણ છવાઈ ગયા છે. ૯ વિકેટે ૩૧૬ રન પ્રથમ દિવસે કર્યા બાદ બીજા દિવસે સૌરાષ્ટ્રે ૧૧૮ રન જોડી ૪૩૪ રનનો જંગી સ્કોર બનાવી ઓલઆઉટ થયો હતો. પ્રથમ દિવસે હર્ષવર્ધન અને સ્વરિતે શતક ફટકાર્યા બાદ બીજા દિવસે વ્રજ જોષીએ પણ શતક ફટકારી હતી. તેને વ્રજે ૧૮૮ બોલમાં ૧૫ ચોગ્ગાની મદદથી ૧૦૭ રન કર્યા હતા. જ્યારે પહેલી ઈનીંગનો દાવ લેવા ઉતરેલી હિમાચલ પ્રદેશના બેટસમેનો સૌરાષ્ટ્રના બોલરો સામે લાંબુ પીચ પર ટકી નહી શકતા ૪૫.૪ ઓવરમાં માત્ર ૯૮ રન બનાવીને ઓલઆઉટ થઈ ગયા હતા. હિમાચલના વરુણ ઠાકુરે ૪૦ રન કર્યા હતા જ્યારે સૌરાષ્ટ્રના બોલર ભાર્ગવ સોનેરીએ ૧૧માં ૪ ઓવર મેડન ફેંકી ૨૩ રન આપી ૫ વિકેટ ખેડવી હતી. તેમજ મૃદાંગ જોષીએ ૨, દર્શિત, યુવરાજ, ધાર્મિક ૧-૧ વિકેટ મેળવી હતી. સૌરાષ્ટ્રના સ્કોરથી હિમાચલ હજુ ૩૩૬ રન પાછળ હતુ ત્યારે પોરબંદરના આ યુવા ખેલાડી ભાર્ગવ સોનેરીને પોરબંદરવાસીઓએ શુભેચ્છા આપી છે.

# પોરબંદરમાં વૈષ્ણવ સાધુ સમાજનું સ્નેહમિલન યોજાશે

## ઓજસ્વી અને તેજસ્વી તારલાઓના સન્માન સમારોહનું પણ થયું આયોજનઃ પોરબંદર જીલ્લાના જ્ઞાતિજનોને પાઠવાયું આમંત્રણ

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

પોરબંદરમાં વૈષ્ણવ સાધુ સમાજનું સ્નેહમિલન યોજાશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ પોરબંદર જિલ્લાના વૈષ્ણવ સાધુ સમાજના સ્નેહમિલનનું આયોજન આગામી તા.૨૯-૧૨-૨૦૨૪ ને રવિવારના રોજ બપોરે ૪:૦૦ કલાકે પોરબંદરના બિરલા હોલ રોડ પર આવેલ ધોબી સમાજ જ્ઞાતી વંડી ખાતે આયોજન કરવામાં આવ્યું છે.સાથે-સાથે વૈષ્ણવ સાધુ સમાજના તેજસ્વી તારલાઓનું સરસ્વતી સન્માન પણ આયોજન કરવાં આવ્યુ છે. સમાજ સંગઠીત બને તે હેતુથી કરવામાં આવ્યુ છે.સરસ્વતી સન્માન માટે જે વિદ્યાર્થીઓઓએ નામ નોંધાવેલ છે અને હવે નોંધવાના બાકી છે એ ફરીથી રાજેશભાઈ ગોંડલિયાના મો.નં.૯૭૩૭૬૬૭૩૮૯ ઉપર માર્કશીટ સાથે એડ્રેસ પણ લખાવી આપવા જણાવ્યું છે.

પોરબંદર જિલ્લાના તમામ વૈષ્ણવ સાધુ સમાજ રાણાવાવ કુતિયાણા, રાણાકંડોરણા,માધવપુર, ઘેડ, પીપળીયા, બગવદર, અડવાણા સહિતના ગામમાં રહેતા સાધુ સમાજના પરિવારને જાણ થાય અને કાર્યક્રમમાં પરિવાર સાથે ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવવા વૈષ્ણવ સાધુ સમાજ પોરબંદર આયોજન સમિતિએ આમંત્રણ પાઠવ્યું છે.

# પોરબંદરના પનોતાપુત્ર શહિદ નાગાર્જુન સિસોદિયાનો ૫૩ મો શહીદ વંદના સમારોહ



વીર નાગાર્જુન સિસોદીયા (સેકન્ડ લેફ્ટન્ટ) સ્વ. તા. ૧૩-૧૨-૧૯૭૧

**તારીખ :-** ૧૩-૧૨-૨૦૨૪ને શુક્રવાર **સમય :-** સાંજે ૪:૦૦ કલાકે
**સ્થળ :-** ભાવસિંહજી હાઈસ્કુલ કમ્પાઉન્ડ, એસ.ટી. ડેપો સામે, પોરબંદર.

પોરબંદરના પનોતાપુત્ર અને ૧૯૭૧ના ભારત-પાકિસ્તાનના યુધ્ધમાં શહિદી વહોરનાર **સેકન્ડ લેફ્ટનન્ટ શહિદ વીરનાગાર્જુન સિસોદિયા**નો ૫૩ મો શહીદ વંદના સમારોહ પ્રસંગ પોરબંદર ખાતે ઉપરોકત સ્થળે આયોજન કરેલ છે.

આ પ્રસંગે સમારોહના મુખ્ય વકતા **પ.પૂ. શ્રી ધર્મબંધુજી મહારાજ (પ્રાંસલા)** રહેશે. તેમજ સંતો-મહંતો તેમજ જુદા-જુદા આગેવાનો અને ગ્રામ્યપંથકના અગ્રણીઓ તથા વિદ્યાર્થીઓ તથા અન્ય વકતાઓ અને મહાનુભાવો શહીદની પ્રતિમાને શ્રધ્ધાસુમન અર્પણ કરશે તેમજ રાષ્ટ્રને માટે શહીદ થયેલા **સેકન્ડ લેફ્ટનન્ટ શહિદ વીરનાગાર્જુન સિસોદિયાને શ્રધ્ધા સુમન અર્પણ કરશે.** 'રાષ્ટ્રાંજલી' અર્પવાના કાર્યક્રમમાં રાષ્ટ્રપ્રત્યેની ભાવના ઉજાગર કરવા માટે મોટી સંખ્યામાં સૌને ઉપસ્થિત રહેવા અનુરોધ.

**લી. શ્રી રામદેવભાઈ મોઢવાડિયા (મેનેજીંગ ટ્રસ્ટી)**
**ટ્રસ્ટીશ્રી દેવશીભાઈ કરશનભાઈ સીસોદીયા**
**શહીદવીર નાગાર્જુન સિસોદીયા સ્મારક ટ્રસ્ટ, પોરબંદર**

# પોરબંદરમાં યોગ સાધકોએ કરી ગીતા જયંતિની ઉજવણી



પોરબંદરના ગાંધી પાર્ક સોસાયટીમાં ચાલતા ડ્રીમ યોગ કલાસમાં ગીતા જયંતિ નિમિત્તે ગુજરાત યોગ બોર્ડના જિલ્લા કોર્ડીનેટર કેતનભાઈ કોટીયાએ હાજરી આપી હતી.જેમાં યોગ સાધકોને શ્રીમદ ભગવદ ગીતા વિશે ખુબ સરસ માહિતી આપી યોગ દ્વારા થતા ફાયદા અંગે જાણકાર કર્યા તેમજ શ્રીમદ ભગવત ગીતામાં જણાવ્યા મુજબ શ્રી કૃષ્ણ ભગવાને આપેલા ઉપદેશો અંગે સમજ કરી ગીતા જયંતીની ઉજવણી કરી હતી તે બદલ કિરણબેન ઠાકવાણીએ કેતનભાઈ કોટિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)




# મેરીડીયન મલ્ટીપ્લેક્સ

DOLBY DIGITAL EX WITH WIDE SILVER SCREEN MERIDIAN MULTIPLEX

પોરબંદરનું સર્વપ્રથમ 3-સ્ક્રીન ધરાવતું મલ્ટીપ્લેક્સ

કોન્ટેક : ૦૨૮૬-૨૯૯૦૩૯૯

સુપરહીટ બીજુ સપ્તાહ

## પુષ્પાઃ ધ રુલ-૨

કલાકાર : અલ્લુ અર્જુન, રશ્મિકા મંદાના

| સ્ક્રીન-૧ | સ્ક્રીન-૨ | સ્ક્રીન-૩ |
|---|---|---|
| સમય : ૧૧:૪૫, 3:૪૫, ૯:૧૦ | સમય : ૨:00 ૫:૪૫, ૯:30 | સમય : ૧૧:30 3:30, ૯:૨0 |


**જાહેર નિવિદા નં.૦૪ વર્ષઃ- ૨૦૨૪-૨૫**

(ફોન :૦૨૮૬-૨૨૪૨૪૧૩) **Email:** dee.prnb.pbr@gmail.com

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ-પોરબંદર દ્વારા "જિલ્લા પંચાયત કચેરી, પોરબંદર હેઠળ કરવાના થતા પોરબંદર જિલ્લાના રાષ્ટ્રીય પર્વ, વી.આઈ.પી./વી.વી.આઈ.પી. પ્રોગ્રામ તેમજ અન્ય કાર્યક્રમો માટે સ્ટીલ દોમ, ડેકોરેશન, સમિયાણા- તેને સંલગન આઈટમો તથા સાઉન્ડ સીસ્ટમ વિગેરે ભાડા તથા ફીટીંગ સાથે કામ કરવાના વાર્ષિક ભાવ"નાં કામ માટે સરકારશ્રી દ્વારા માન્ય ઇજારદારશ્રીઓ પાસે રજિસ્ટર પોસ્ટ એડી./સ્પીડ પોસ્ટથી ભાવો માંગવામાં આવે છે.

ઉકત કામની ટેન્ડર ફી માટે રૂા. ૯૦૦/-નું "૮૪૪૮ પી.એલ.એ. ઓફ ડી.ડી.ઓ. પોરબંદર"ના નામનું ચલણ ભર્યા અંગેનું અસલ અરજી સહ રજૂ કર્યેથી જરૂરી કોરા ટેન્ડર ફોર્મ તા.૨૧/૧૨/૨૦૨૪ બપોરેઃ-૧૬:૦૦ કલાક સુધીમાં આપવામાં આવશે. આ કામ કરવા માટેનું રજીસ્ટ્રેશન/ગુમાસ્તા ધારા અન્વયેનું લાયસન્સ, આ કામના સરકારી અનુભવના પ્રમાણપત્રો(૧ વર્ષ), પાનકાર્ડ તેમજ ચાલુ કેલેન્ડર વર્ષની બેન્ક સોલવન્સી રૂા. ૧,૦૦,૦૦૦/-ની તથા જરૂરી બાનાની રકમ ઇ.એમ.ડી. પેટે એફ.ડી.આર.રૂા. ૧૫,૦૦૦/-ની છ માસની મુદતની નાયબ કાર્યપાલક ઇજનેર, પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ-પોરબંદરના નામની રજૂ કરી તા. ૨૭/૧૨/૨૦૨૪ સુધીમાં ઉકત સરનામે રજી.એડીથી પહોંચતા કરવાના રહેશે. શકય હશે તો તા.૩૦/૧૨/૨૦૨૪ના રોજ ખોલવામાં આવશે. આ અંગેની વધુ માહિતી કચેરીના ઉપરોકત સરનામે રજાના દિવસો સિવાય સંપર્ક કરવાથી મળી શકશે. ભાવો મંજૂર કે ના મંજૂર કરવાની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે.

નાયબ કાર્યપાલક ઇજનેર
પંચાયત મા.અને મ.પે.વિભાગ
પોરબંદર

માહિતી/પોર/જાxખ નં. ૨૪૯

**GURUKUL MAHILA ARTS & COMMERCE COLLEGE,**
POST BOX NO. 21, JUBILEE – BOKHIRA VISTAR,
PORBANDAR – 360575
E-mail: dranupamnagar09@gmail.com

Gurukul Mahila Arts & Commerce College, Porbandar invites percentage rate online e-Tender (Two Bid system) from eligible & registered Contractors in appropriate category of state Govt. of Gujarat for following work:

| Sr | Name of work |
|---|---|
| 1 | Renovation of Special Repairing Work of Sharda Mandir Auditorium, Media Center, F&N Laboratory, Digital Engilsh Language Laboratory and Modernization of Class Room At Gurukul Mahila Arts & Commerce College, Porbandar Under PM-USHA Component No. 3 Grant To Strengthen Colleges (C-1009). (Tender No.: GMACC/R/02/2024-25) |

The Tender documents of above work can be downloaded from website **https://www.tenders.nprocure.com**
Please note that now onward all related information, notifications, corrigendum and corrections will be uploaded on above said website only.
Start date for downloading online e-Tender documents is 14/12/2024.
The last date for downloading and submission of online e-Tender documents is 04/01/2025.
Hard copy of Pre-qualification documents, original copy of Tender Fee & EMD etc. shall be submitted to The Principal, Gurukul Mahila Arts & Commerce College, Porbandar by registered post / speed post only on or before Date: 08/01/2025 upto 18.00 Hrs.
The Principal, Gurukul Mahila Arts & Commerce College, Porbandarreserves the right to accept or reject any or all tenders without assigning any reason thereof. This Tender notice shall form a part of contract document.

**The Principal,**
**Gurukul Mahila Arts & Commerce College,**
**Porbandar**



રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ કેન્દ્રીય રેલ્વેમંત્રી સાથે મુલાકાત કરીને રેલ્વેના પ્રશ્નોનું નિરાકરણ કરાવવા માંગ કરી તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# સૌરાષ્ટ્રના રેલ્વે વિભાગને લગતા પ્રશ્નોનું નિરાકરણ લાવવા કેન્દ્રીય રેલ્વેમંત્રીને મોકરીયા દ્વારા થઇ રજૂઆત

## રાજ્યસભાના સાંસદ રામભાઇ મોકરીયાએ નવ જેટલા મુદ્દાઓ કર્યા રજૂ: પોરબંદરથી રાજકોટ વાયા જેતલસર જવા માટેની ટ્રેનની સંખ્યા વધારવા કરી માંગઃ રેલ્વેમંત્રીએ હકારાત્મક અભિગમ અપનાવી યથાયોગ્ય કરવાની આપી ખાત્રી

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદર સહિત સૌરાષ્ટ્રના રેલ્વેના પ્રશ્નોનું નિરાકરણ કરાવવા રાજ્યસભાના સાંસદે કેન્દ્રીય રેલ્વે મંત્રીને રૂબરૂ મળી રજુઆતો કરી છે અને તેના નિરાકરણ માટે હકરાત્મક અભિગમ મંત્રીએ દાખવ્યો હોવાનું જણાવાયુ છે.

સૌરાષ્ટ્રને રેલવેને લગતા પ્રશ્નો બાબતે રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ દિલ્હી ખાતે કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવને રૂબરૂમાં મળી તેઓને લેખિત તેમજ મૌખિક રજૂઆત કરેલી. જેમાં નીચે પ્રમાણે ના મુદ્દા બાબતે વિગતવાર રજૂઆત કરેલી.

રાજકોટ સૌરાષ્ટ્રનું કેપિટલ ગણાય છે.અત્યારે રાજકોટની વસ્તી અંદાજે ૪૫ લાખ કરતા વધારે ની વસ્તી છે.તેમજ રાજકોટ ઈન્ડસ્ટ્રીઝ અને કોમર્સ ક્ષેત્રે પણ ખૂબ જ આગળ પડતું શહેર છેઅને રાજકોટની આજુબાજુના જિલ્લાઓમાંથી પણ મોટા પ્રમાણમાં પ્રવાસીઓ હરિદ્વાર જવા માટે રેલવેનો ઉપયોગ કરતા હોય છે અને હરિદ્વાર જવા માટે ટ્રેનમાં કન્ફર્મ ટિકિટ મળતી નથી. વેઈટિંગ વધારે હોય છે. હાલમાં રાજકોટ થી હરિદ્વાર જવા માટે ટ્રેન નંબર ૧૯૫૬૫ ઓખા દેહરાદુન વિકલી ટ્રેન ઉપલબ્ધ છે. આ સિવાય હરિદ્વાર જવા માટે એક પણ ટ્રેન ઉપલબ્ધ નથી. ટ્રાફિક પૂરતા પ્રમાણમાં મળી રહેશે જેથી સંસદ સભ્ય રામભાઈ મોકરીયાએ હરિદ્વાર જવા માટે દરરોજ રાજકોટ થી હરિદ્વારની ટ્રેન આપવા માટે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવને ભારપૂર્વક રજૂઆત કરી છે.

કોરોના પહેલા રાજકોટ થી મુંબઈ સેન્ટ્રલ જવા માટે ઉપડતી ટ્રેન ૨૨૯૪૬ સૌરાષ્ટ્ર મેલ સાંજના ૧૭:૩૫ વાગે ઉપડતો હતો અને બોરીવલી સવારે ૭:૦૦ વાગે પહોંચાડતો હતો તે જ પ્રમાણે રાજકોટ થી બાંદ્રા જવા માટે ટ્રેન નંબર ૧૯૨૧૮ સૌરાષ્ટ્ર જનતા બપોરના ૧૫: ૩૦ વાગે ઉપડતી હતી અને બોરીવલી ખાતે વહેલી સવારે ૫:૩૦ વાગે પહોંચાડતી હતી આ બંને ટ્રેનો સૌરાષ્ટ્રના લોકોને મુંબઈ જવા માટે ખૂબજ અનુકૂળ હતી.આ બંને ટ્રેનમાં જવા માટે વધુ પ્રમાણમાં પ્રવાસીઓનો ધસારો રહેતો હતો. પરંતુ અચાનક આ બંને ટ્રેનના ટાઈમ બદલી નાખવામાં આવ્યા છે. જેથી મુસાફરોને બોરીવલી રેલ્વે સ્ટેશન ઉપર વહેલી સવારે ત્રણ વાગ્યે આ ટ્રેન પહોંચતી હોવાથી મુસાફરોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય આ બાબતે સંસદ સભ્ય રામભાઈ મોકરીયા પાસે રૂબરૂમાં તથા લેખિતમાં પણ વધુ પ્રમાણમાં રજૂઆતો આવતી હતી જેથી આ બંને ટ્રેનોને તેમના અગાઉના શિડ્યુલ મુજબ રાજકોટ થી મુંબઈ જવા માટે શરૂ કરાવે તેવી ભારપૂર્વક રજૂઆત કરેલી છે.

જામનગર થી મુંબઈ સેન્ટ્રલ જતી ટ્રેન નંબર ૧૨૨૬૮ જામનગર દુરંતો ટ્રેન બોરીવલી સ્ટેશન ખાતે સ્ટોપેજ ન હોવાથી સૌરાષ્ટ્રના પેસેન્જરને ફરજિયાત મુંબઈ સેન્ટ્રલ ઉતરવું પડે છે અને પરતમાં અન્ય ટ્રેન દ્વારા બોરીવલી પરત આવવું પડે છે. પેસેન્જરોને સાથે લગેજ હોવાથી ખૂબ મુશ્કેલી ઊભી થાય છે. મુંબઈ જતા મુસાફરોમાં ૯૦ ટકા મુસાફરો બોરીવલી સ્ટેશન ખાતે ઉતરી જતા હોય છે. જેથી મુસાફરોને મુશ્કેલી ના પડે તે માટે બોરીવલી ખાતે સ્ટોપેજ આપવા માટે રજૂઆત કરેલી છે.

અગાઉ વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર સાથે સંસદ સભ્યોને રાજકોટ ખાતે સૌરાષ્ટ્રના રેલવેના પ્રશ્નો બાબતે ૨૮/૬/૨૦૨૩ ના રોજ મીટીંગ યોજાયેલી તે મિટિંગમાં અમદાવાદ સુધી આવતી લાંબા અંતરની ૧૦ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવા માટે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવેલી આ રજૂઆત બાબતે રેલવે મંત્રીએ તારીખ૧૩/૯/ ૨૦૨૩ના રોજ છ ટ્રેનોને લંબાવી આપેલી આ ટ્રેનોને તુરંત રાજકોટ સુધી ઝડપથી ચાલુ કરવા માટે આજે ભારપૂર્વક રજૂઆત કરેલી જેનો રેલ્વેમંત્રીએ હકારાત્મક પ્રતિસાદ આપેલો.

આ ઉપરાંત નીચે પ્રમાણેની રેલ્વેને લગતા પ્રશ્નો બાબતે રજૂઆત કરેલી છે.

અગાઉ સિનિયર સિટીઝનને રેલવે ટીકીટ માં કન્સેસન આપવામાં આવતું હતું તે કન્સેશન આપવાનું હાલમાં બંધ છે તે ફરી ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવી., હાલમાં રેલવેમાં લોકલ ભાડું તેમજ એકસપ્રેસ ભાડું એક સરખું છે તેને બદલે લોકલ ભાડુ એક્સપ્રેસ ટ્રેનના ભાડા કરતા ઓછું હોવું જોઈએ તે સુધારો કરવા બાબતે રજૂઆત કરવામાં આવી., પોરબંદર થી રાજકોટ વાયા જેતલસર જવા માટે એક જ ટ્રેન સવારના ઉપલબ્ધ છે તેને બદલે વધુ ટ્રેનની સંખ્યા વધારવી જોઈએ, અગાઉ રાજકોટ થી વેરાવળ જવા માટે વહેલી સવારે ૫:૩૦ વાગે લોકલ ટ્રેન ઉપડતી હતી તેમાં ટ્રાફિક પણ પૂરતા પ્રમાણમાં મળતો હતો છતાં પણ આ ટ્રેન બંધ કરી દેવામાં આવેલ છે તેને ફરીથી ચાલુ કરવામાં આવે., સૌરાષ્ટ્રમાંથી રાજસ્થાનના રામદેવરા ખાતે જવા માટે મુસાફરોનો મોટો વર્ગ છે આ મુસાફરોને સીધી રામદેવરા જવા માટે કોઈ ટ્રેન નથી જેથી લોકોને પ્રાઈવેટ વાહનોમાં જવું પડે છે તેથી ખર્ચ ની રીતે પણ ખૂબ મોંઘુ પડતું હોય તેમ જ સમયની પણ બરબાદી થતી હોય અને રામદેવરા જવા માટે સૌરાષ્ટ્રમાંથી જવા માટે મુસાફરોનો મોટા પ્રમાણમાં ઘસારો રહેતો હોવાથી રાજકોટ થી રામદેવરા જવા માટે ટ્રેન ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવી. વહેલી સવારે જામનગરથી ઉપડતી ઈન્ટરસિટી ટ્રેન નંબર ૨૨૯૬૦ બાંદ્રા સુધી જતી હતી તે ટ્રેનને અચાનક વડોદરા સુધી જ ચાલુ રાખેલ છે તે ટ્રેન ફરીથી બાંદ્રા સુધી ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવી., અગાઉ ટ્રેન નંબર ૯૫૦૧/૯૫૦૨ રાજકોટ ભુજ ટ્રેન ચાલુ હતી તે ટ્રેન બંધ કરી દેવામાં આવેલ છે તેને ફરીથી ચાલુ કરવા માટે રજૂઆત કરવામાં આવી., ટ્રેન નંબર ૧૯૭૦૩ અમદાવાદ ઉદયપુર નાથદ્વારા ટ્રેન વાયા હિંમતનગર થઈને ચાલે છે તે ટ્રેનને રાજકોટ સુધી લંબાવવા માટેની રજૂઆત કરવામાં આવી., અગાઉ રાજકોટ મોરબી વચ્ચે મેમુ ટ્રેન ચાલતી હતી આ ટ્રેન કોઈ કારણ વિના અચાનક બંધ કરી દેવામાં આવેલ છે. વહેલી. સવારે રાજકોટ થી મોરબી જવા માટે પેસેન્જર માટે ખૂબ ઉપયોગી હોવાથી ચાલુ કરવા માટેની રજૂઆત કરવામાં આવી.

ઉપરોક્ત ટ્રેનો બાબતે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવએ રજૂઆતો બાબતે હકારાત્મક અભિગમ અપનાવેલ છે.

# છાંયાની પી.એમ.શ્રી નવાપરા પ્રાથમિક શાળામાં 'કિશોરાવસ્થા તરફ' વિષય અંતર્ગત ડીબેટ સ્પર્ધા યોજાઇ

## કિશોરવસ્થા દરમિયાન થતા ફેરફારો તેમજ માસિકધર્મ વિષે આપી ઊંડાણપુર્વક સમજ

આજકાલ પ્રતિનિધિ-પોરબંદર

છાંયાની પી.એમ.શ્રી નવાપરા પ્રાથમિક શાળામાં કિશોરાવસ્થા તરફ વિષય અંતર્ગત ડીબેટ સ્પર્ધા યોજાઈ હતી.




છાંયાની પી.એમ.શ્રી નવાપરા પ્રાથમિક શાળામાં કિશોરાવસ્થા તરફ વિષય અંતર્ગત ડીબેટ સ્પર્ધા યોજાઈ હતી.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

છાંયાની પી.એમ.શ્રી નવાપરા પ્રાથમિક શાળામાં કિશોરાવસ્થા તરફ વિશેની સુંદર ડિબેટ યોજાઈ હતી.સરકાર દ્વારા અવાર-નવાર વિદ્યાર્થીઓની જાગૃતિ માટે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. ખાસ જે બાબત વિશે બાળકો ઘરે જાગૃત થતા નથી તેવી નાની પણ ખુબ જ ઉપયોગી માહિતી સરકાર દ્વારા આપવામાં આવે છે એવી જ એક વાત એટલે કિશોરાવસ્થા તરફ એટલે કે કિશોર અવસ્થામાં પ્રવેશ થાય ત્યારે શું કાળજી રાખવી તેની વાત ધો- ૮ માં આવે છે.તો વર્ગખંડમાં ચર્ચા થયા બાદ આજે જેમણે મહિલા અને બાળવિકાસ અને દિકરીઓના જીવનમાં કાળજી બાબતે ઘણું સારું કામ કર્યું છે.તેવા મદદનીશ જિલ્લા કો.ઓ. ગર્લ્સ એજયુકેશન વૈશાલી.આર.પટેલ તથા મદદનીશ જિલ્લા કો. ઓ.ક્વોલિટી એજ્યુકેશન એન્ડ મોનીટરીંગ રોમા એચ.પરમાર શાળામાં આકસ્મિક મુલાકાતે આવ્યા હતા. જેમાં ધો-૭ અને ૮ ના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો ખાસ માસિક ધર્મ દરમિયાન રાખવામાં આવતી સ્વચ્છતા વિશે ખુબ જ ઉંડાણપુર્વક માહિતી આપવામાં આવી હતી.સાથે માસિકધર્મ સાથે જોડાયેલી ગેરમાન્યતાઓ વિશે પણ માહિતગાર કર્યા હતા.આજના સમયમાં ખુબ સંઘર્ષ સાથે પણ દિકરીઓ આગળ વધે છે એ વિશે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. શાળાનાં આચાર્ય હિરલબેન અને શિક્ષકો સાથે પણ ખુબ સારી રીતે ચર્ચા કરી અને શાળામાં કરવામાં આવતી કામગીરી વિશે અભિનંદન પાઠવ્યા હતા.સાથે સાથે વિજ્ઞાન વિષયમાં સુંદર પ્રોજેક્ટ બનાવવા બદલ બાળકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓએ પણ વૈશાલીબેનનો આભાર માન્યો હતો અને ફરી શાળામાં પધારશો તેવી વિનંતી પણ કરી હતી. આ તકે શાળાના આચાર્ય હિરલબેન દાસાએ પણ આભાર વ્યકત કર્યો હતો.

# છાંયાના શિવશકિત આશ્રમ ખાતે આદ્રા નક્ષત્ર નિમિત્તે યોજાશે શિવપુજા

## મહાપ્રસાદી અને મહાઆરતીમાં સૌ ભક્તોને ઉપસ્થિત રહેવા પાઠવાયું નિમંત્રણ

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

છાંયાના શિવશક્તિ આશ્રમ ખાતે આદ્રા નક્ષત્ર નિમિત્તે શિવપુજા સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

છાંયાના શિવશકિત આશ્રમ સંત શિરોમણી શ્રી બાબુજતીબાપુની જગ્યા ખાતે તા.૧૬-૧૨-૨૦૨૪ અને સોમવારના રોજ શિવપુજા અને પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું છે.સોમવારના રોજ દેવાધિદેવ મહાદેવનો પ્રિય આદ્રા નક્ષત્ર હોઈ આ પાવન દિવસે શ્રી સિદ્ધેશ્વર મહાદેવ અને સંત શિરોમણી પ.પુ. શ્રી બાબુજતીબાપુના સાનિધ્યમાં સવારે શિવપુજા,રૂદ્રાભિષેક, દીપમાળા તથા સાંજે ૬:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી ભોજન મહાપ્રસાદી અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સૌ ધર્મપ્રેમી ભાઈ-બહેનોને સહ પરિવાર દર્શન કરવા તથા પ્રસાદી લેવા માટે મહંત શ્રી ક્રિષ્નજતીબાપુ ,ગુરૂ શ્રી બાબુજતીબાપુ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# રામગેસ્ટહાઉસ પાસે ગંદકીને લીધે એપાર્ટમેન્ટમાં રહેવુ પણ મુશ્કેલ બન્યુ



પોરબંદરના રામગેસ્ટ હાઉસ સામે આવેલ સ્વસ્તિક એપાર્ટમેન્ટની બહાર ગંદકી ખૂબજ અસહ્ય રીતે ખદબદી રહી છે અને તેના કારણે આ વિસ્તારમાં રોગચાળો ફેલાય તેવી શકયતા જણાઇ રહી છે. એપાર્ટમેન્ટના રહેવાસીઓનું જીવવુ દુષ્કર બની ગયુ છે. માટે પોરબંદર નગરપાલિકાનું તંત્ર અહી વ્યવસ્થિત સફાઇ અભિયાન કરાવે તેવી માંગણી ઉઠી છે.(તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# પેટ્રોલપંપ પર થયેલ મારામારી અને તોડફોડના કેસમાં આરોપીઓ છૂટયા નિર્દોષ

## આરોપીઓની ઓળખ પરેડ થઇ ન હતી તથા સી.સી.ટી.વી. કેમેરાના ફૂટેજમાં સ્પેશ્યાલિસ્ટનું સર્ટીફિકેટ રજૂ નહી થતા તમામ છ આરોપીઓને મળી ગઇ કલીનચીટ

આજકાલ પ્રતિનિધિ-પોરબંદર

પોરબંદરમાં પેટ્રોલપંપ પર થયેલ મારામારી અને તોડફોડના કેસમાં આરોપીઓ નો નિર્દોષ છૂટકારો થયો છે.

બનાવની વિગત એવી છે કે આશરે ૩ વર્ષ પહેલા પોરબંદરથી સુભાષનગર રોડ પર આવેલ ભગત પેટ્રોલપંપમાં પંપના કર્મચારી તથા આવનારા ગ્રાહકોનું સ્કૂટર સામે અથડાતા બંને વચ્ચે ઝગડો થયેલ અને સ્કૂટર પડી ગયેલ અને ત્યારબાદ મધ્યરાત્રિએ ૫ થી ૬ લોકો આવીને પેટ્રોલપંપના સી.સી.ટી.વી. કેમેરા તથા કાચનો દરવાજો પથ્થરથી તોડી નાખ્યા અને ફરિયાદી પ્રકાશ ગાંડાલાલને લાકડાના ધોકા વડે બેફામ માર મારેલો હતો અને ફરિયાદીને બચાવવા આવેલ હિતેશ દાસાને પણ ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવેલ હતી. ત્યારબાદ પોલીસ ફરિયાદ થતા કુલ ૬ આરોપીઓની ઉદ્યોગનગર પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રજૂ રાખેલ હતા અને ચાર્જશીટ રજૂ કરેલ હતી. કોર્ટમાં કેસ ચાલી જતા ફરિયાદપક્ષની રજૂઆત હતી કે આરોપીઓ એકસંપ કરી ગેરકાયદેસર મંડળી રચીને બેફામ માર મારેલ તથા સી.સી.ટી.વી. કેમેરા અને કાચનો દરવાજો તોડી નાખેલ હતો. જ્યારે આરોપીપક્ષે રોકાયેલા એડવોકેટ જગદીશમાધવ મોતીવરસ દ્વારા રજૂઆત કરવામાં આવેલ હતી કે, જ્યારે આરોપીઓની ધરપકડ થઈ હતી ત્યારે આરોપીઅની અળખ પરેડ કરેલ ન હતી. પંચો અને સાહેદોએ પણ પંચનામાને સમર્થન આપેલ નથી. સાથે સાથે ફરિયાદી સાથે ઈજા પામનાર હિતેશ દાસાને પણ સમન્સ કરતા હાજર રહેલ નથી. તથા સી.સી.ટી.વી. કેમેરાનું ફૂટેજ કોર્ટમાં રજૂ કરેલ છે. તેમાં સ્પેશ્યાલિસ્ટનું સર્ટીફિકેટ ફરિયાદપક્ષે રજૂ કરેલ નથી. વગેરે દલીલોને ધ્યાને લઈને કોર્ટે આરોપી યોગેશ હીરાલાલ કોટીયા, પરેશ હીરાલાલ કોટીયા, ચેતન હીરાલાલ કોટીયા, વિનોદ પીઠા, અજય કાનજી અને ખુશાલ મહેન્દ્રને નિર્દોષ જાહેર કરી છોડી મૂકેલ હતા.આરોપી તરફે પોરબંદરના એડવોકેટ જગદીશમાધવ મોતીવરસ તથા જય ડી. સલેટ, હેતલબેન ડી. સલેટ તથા નેહા જાદવ વગેરે રોકાયેલા હતા.


# કોંગ્રેસ સાથે બેવફાઇ કરનાર સેવાદળના શહેર પ્રમુખ સહિત બે ને બતાવાયો પંજો!

## ગુજરાત કોંગ્રેસ સેવાદળના પ્રમુખની સૂચનાથી કરવામાં આવ્યા સસ્પેન્ડ

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદરમાં કોંગ્રેસના સેવાદળના શહેર પ્રમુખ અને જિલ્લા મહામંત્રીએ બેવફાઇ કરીને આમ આદમી પાર્ટીના કાર્યક્રમમાં ગોપાલ ઈટાલીયા સાથે આમ આદમી પાર્ટીની ટોપી અને ખેસ પહેરીને જોડાઇ ગયાના ફોટા સોશ્યલ મીડિયામાં વાયરલ થતા બંનેને સસ્પેન્ડ કરી નાખવામાં આવ્યા છે.






પોરબંદર કોંગ્રેસના સેવાદળના શહેર પ્રમુખ અશ્વિન મોતીવરસ અને જિલ્લા મહામંત્રી પ્રતાપ કેશવાલાએ આમ આદમી પાર્ટીના કાર્યક્રમમાં ગોપાલ ઇટાલીયા સાથે ફોટોગ્રાફી કરાવીને ખેસ પહેર્યો હતો તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

પોરબંદર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજુભાઈ ઓડેદરાએ જણાવ્યુ છે કે પોરબંદર કોંગ્રેસના સેવાદળના શહેરપ્રમુખ તરીકે સેવા આપતા અશ્વિનમોતીવરસ અને સેવાદળના જિલ્લા મહામંત્રી પ્રતાપ કેશવાલાને ગુજરાત કોંગ્રેસ સેવાદળના પ્રમુખની સુચનાથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સેવાદળ એ કોંગ્રેસનુ પાયાનું સંગઠન છે અને શિસ્ત માટે ખુબ જાણીતુ છે. જ્યારે શિસ્તની વાત હોય ત્યારે કોઈપણ પ્રકારબની બાંધછોડ કરતુ નથી. પરંતુ તાજેતરમાં જ ગોપાલ ઈટાલીયા દ્વારા આયોજિત કાર્યક્રમમાં અશ્વિન મોતીવરસ અને પ્રતાપ કેશવાલાએ આમ આદમી પાર્ટીની વિચારધારાથી પ્રેરિત થઈને 'આપ'માં જોડાયાનો આવકાર અપાતો હોય તેવા ફોટા ગોપાલ ઈટાલીયાની ફેસબુક વોલ ઉપર મૂકવામાં આવ્યા હતા આથી આ બાબત ધ્યાને આવી છે તેથી તેમને બંનેને સસ્પેન્ડ કરી નાખવામાં આવ્યા છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના વાઈસ પ્રેસિડેન્ટ રમેશભાઈ જારીયાએ આ બંનેને પત્ર મોકલીને જણાવ્યુ છે કે આપ કોંગ્રેસ સેવાદળમાં સેવા આપી રહ્યા હતા.

પરંતુ કોંગ્રેસપક્ષની વિચારધારા વિરૂધ્ધ આપે કામગીરી કરી કોંગ્રેસપક્ષને નુકશાન પહોંચાડેલ તેથી તાત્કાલિક અસરથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના મુખ્ય સંગઠક પ્રગતિબેન આહીરની સુચનાથી સેવાદળના તમામ હોદ્દા પરથી સસ્પેન્ડ કરવામાં આવે છે. તેમ જણાવ્યુ છે ત્યારે પોરબંદરના રાજકીય વર્તુળોમાં આ મુદ્દે અનેકવિધ ચર્ચાઓ જાગી છે.

# પોરબંદરમાં બળાત્કારના ગુન્હામાં આરોપીનો થયો નિર્દોષ છુટકારો

## ભોગ બનનાર ફરીયાદના એક મહિના પહેલા જ રાજીખુશીથી આરોપી સાથે રહેતી હોવાની કરી હતી કબુલાત

આજકાલ પ્રતિનિધિ-પોરબંદર

પોરબંદરમાં બળાત્કારના ગુન્હામાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે.

હાલ ભગાડી જવાની તથા બળાત્કારની ફરીયાદો સમાજમાં વધતી જતી હોય અને પ્રેમસબંધ થઈ જતા ઘર છોડીને ભાગી ગયા બાદ બે-ચાર મહીના સાથે રહી અને પછી અન્ય કોઈ કારણોસર ઝઘડો થાય ત્યારે બળાત્કાર તથા અન્ય બાબતોની ફરીયાદો થતી હોય છે તે જ રીતે પોરબંદરના વિજય રવજી તથા તેની માતા મંજુબેન રવજી સામે પોરબંદરના કીર્તીમંદિર પોલીસ સ્ટેશનમાં ૨૦૨૧ માં મારામારી તથા ધમકી તથા બળાત્કારની ફરીયાદ દાખલ થયેલી હોય અને તે અન્વયે પોરબંદરની એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટમાં કેસ ચાલી જતા અને તે કેસમાં આરોપીઓવતી પોરબંદરના જાણીતા એડવોકેટ ભરતભાઈ લાખાણી રોકાયેલા હોય અને તેઓએ ભોગ બનનારની કરેલ ઉલટ તપાસમાં સ્પષ્ટ રીતે ભોગ બનનારે કબુલ કરેલુ હોય કે, તેઓ આરોપી સાથે બે-અઢી મહીના સાથે રોકાયેલા હતા અને પ્રેમસબંધ થઈ ગયેલ હોવાના કારણે પોતે ઘર છોડીને આરોપી સાથે રહેવા આવેલા હતા અને તેની સગાઈની વાતચીત ચાલતી હોય અને ત્યાં સગાઈ કરવી ન હોય તેથી ઘર છોડેલુ હોવાની હકીકત જણાવતા અને એડવોકેટ પાસે ફરીયાદ લખાવેલી હોવાની હકીકત જણાવતા અને ભોગ બનનારે જ ફરીયાદ કરતા અગાઉ ૧ મહીના પહેલા કિર્તીમંદિર પોલીસ સ્ટેશનમાં પોતે રાજી-ખુશીથી આરોપી સાથે રહેતા હોવાની કબુલત આપેલી હોય અને આરોપી તરફે તે જવાબની ખરી નકલ પણ રજુ કરતા અને તે રીતે ભોગ બનનારે કોઈપણ કારણોસર ખોટી રીતે ફરીયાદ કરેલા હોવાનું કોર્ટમાં પુરવાર થઈ જતા અને ફરીયાદી પોતાની માતા તથા દાદા સાથે પણ રહેતા ન હોય અને હાલ સ્વતંત્ર રીતે રહેતા હોવાનું ફલીત થતા અને આ તમામ બાબતો ધ્યાને રાખી પોરબંદરના એડીશ્નલ ડીસ્ટ્રીકટ જજ પઠાણ દ્વારા ભોગ બનનારની જુબાની તથા ઉલટ તપાસ તથા અન્ય સાહેદો પંચોની જુબાનીઓ તથા રેકર્ડ ઉપરના પુરાવાઓ ધ્યાને લઈ બંને આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કામમાં આરોપીવતી પોરબંદરના જાણીતા એડવોકેટ ભરતભાઈ બી. લાખાણી તથા નવઘણ જાડેજા રોકાયેલા હતા.

# રાજકોટની મહિલાના ફોટા બિભત્સ લખાણ લખી વાયરલ કરવાના ગુન્હામાં આરોપીનો શરતી જામીન પર થયો છૂટકારો

## સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ત્રણ મહિના પહેલા નોંધાયો હતો ગુન્હો

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

રાજકોટની મહિલાના ફોટા બિભત્સ લખાણ લખી વાયરલ કરવાના ગુન્હામાં આરોપીનો શરતી જામીન પર છૂટકારો થયો છે.

અત્રે પ્રાપ્ત વિગત મુજબ ત્રણ મહિના પહેલા આ કામના રાજકોમાં રહેતા મહિલા ફરિયાદીએ સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એ મુજબની ફરિયાદ જાહેર કરેલી હતી કે, આ કામના આરોપી હાર્દિક ઉર્ફે કાનો મનીષભાઈ દવેએ ફરીયાદી મહિલાના ફોટા યેનકેન પ્રકારે તેમના ફોટા મેળવી ફોટા સોશ્યલ મીડિયામાં પ્રસિધ્ધ કરી તેમાં બિભત્સ લખાણ કરી વાઈરલ કરેલ હોવાની ફરીયાદ નોંધાવતા સાઈબર ક્રાઈમ પોલીસ દ્વારા બી.એન.એસ.ની કલમ તથા આઈ.ટી.એકટની કલમ મુજબ ગુન્હો નોંધી આરોપીની સોશ્યલ મીડિયા આઈ.ડી.ની મદદથી તથા તપાસના ચક્રો ગતિમાન કરી આરોપી હાર્દિક ઉર્ફે કાનો મનીષભાઈ દવેની અટક કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા આરોપીને જ્યુડી. કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ હતો.

ત્યારબાદ આરોપી દ્વારા પોરબંદરના એડવોકેટ એમ.જી. શીંગરખીયાને રોકી સેસન્સ કોર્ટમાં જામીન અરજી કરતા કોર્ટ દ્વારા જામીન અરજીની સુનવણી હાથ ધરવામાં આવતા સરકારપક્ષે સરકારી વકીલ દ્વારા એ મુજબની દલીલો કરવામાં આવેલ કે આરોપીએ મહિલાની આબરૂને ઠેસ પહોંચે તેવો ગંભીર પ્રકારનો ગુન્હો આચરેલ છે અને ગુન્હો સેસન્સ ટ્રાયેબલ હોય, જો આરોપીઓને જામીન મુકત કરવામાં આવશે તો તે પુરાવા સાથે ચેડા કરશે તથા ફરીયાદીને ધાકધમકી આપવાનો કે સાહેદોને ફોડવાનો પ્રયત્ન કરશે, કેસની ટ્રાયલ દરમ્યાન કોર્ટમાં હાજર રહેશે નહીં. તેથી આરોપીને જામીન મુકત ન કરવા અરજ કરેલી. ત્યારબાદ સામાપક્ષે આરોપીના વકીલ દ્વારા એવી દલીલો કરવમાં આવેલી હતી કે આરોપીએ કહેવાતો કોઇ ગુન્હો આચરેલ નથી, આ ગુન્હામાં સજાની જોગવાઇ જોવામાં આવે તો ત્રણ વર્ષથી વધુ સજાની જોગવાઇનો ગુન્હો નથી, તેમજ આરોપી કોર્ટ જે કાંઇ શરતો ફરમાવશે તેનું પાલન કરવાની ખાત્રી આપતા હોય વગેરે દલીલો સાથે ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ રીફર કરી આરોપીને જામીન મુકત કરવા કાયદાકીય દલીલો સાથે અરજ કરેલી. ત્યારબાદ પોરબંદર સેસન્સ કોર્ટ દ્વારા આ કામના આરોપીઓ હાર્દિક ઉર્ફે કાનો મનીષભાઇ દવેને શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરેલો હતો.

આ કામના આરોપીપક્ષે પોરબંદરના વકીલ જે.પી.ગોહેલની ઓફીસ તરફથી એમ.જી. શિંગરખીયા, એન.જી. જોષી, એમ.ડી.જુંગી, વી.જી. પરમાર, રાહુલ એમ. શિંગરખીયા, જિજ્ઞેશ ચાવડા, મયુર સવનીયા, પંકજ બી. પરમાર તથા રીનાબેન ખુંટી રોકાયેલા હતા.

# પોરબંદર જિલ્લાના ખેડૂતોને ખેતરમાં લોખંડના મંચાણ બનાવી આપવા સરકાર આપશે સહાય

## ૭૫% સબસીડી અને ૨૫% લાભાર્થીએ આપવાના રહેશે

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદર જિલ્લાના ખેડૂતોને ખેતરમાં લોખંડના મંચાણ બનાવી આપવા સરકાર સહાય આપશે.

પોરબંદર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના ખેડૂતભાઈઓ માટે વન્યપ્રાણી પરિભ્રમણ વિસ્તારમાં ખેડૂતભાઈઓની સલામતી માટે ગુજરાત સરકાર મંચાણ બનાવી આપવાની યોજના અંતર્ગત રાત્રી દરમ્યાન પોતાના ખેતરોમાં રખેદારી માટે જતા હોય છે. જે મંચાણનો ઉપયોગ કરી વન્ય પ્રાણીઓથી સલામત રહી શકશે અને લોખંડના મંચાણ બનાવવાની યોજનામાં ૭૫% રકમ(રૂા. ૨૬,૧૫૫) સબસીડી સરકાર તરફથી આપવામાં આવશે તથા ૨૫% રકમ (રૂા. ૮,૭૧૯) ખેડૂત લાભાર્થીએ આપવાની રહેશે. આ મંચાણની યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતભાઈઓએ રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કચેરી, ક્ષેત્રિય રેન્જ, રાણાવાવ રેલ્વે સ્ટેશન રોડ, રાણાવાવનો સંપર્ક કરવો. આ યોજનામાં ૭-૧૨, ૮-અની નકલ તથા અરજદારના આધારકાર્ડની નકલ સાથે જરૂરી દસ્તાવેજો લઇ સંબંધિત રેન્જ કચેરીનો સંપર્ક કરવો.

વધુ વિગત માટે નાયબ વનસંરક્ષકની કચેરી, પોરબંદર વન વિભાગ, ફોરેસ્ટ કોલોની, ચોપાટી મેદાન પાસે, રામમંદિર સામે, પોરબંદર ફોન નં. ૦૨૮૬- ૨૨૪૨૫૫૧ ઉપર સંપર્ક કરવા જણાવાયુ છે.

# ન્યાયાધીશે સંન્યાસીની જેમ જીવવું અને ઘોડાની માફક કામ કરવું જોઈએ

## બે જજને બરતરફ કરવાના કેસના સંદર્ભમાં સુપ્રીમની ટિપ્પણી, કહ્યું જેઓ સોશિયલ મીડિયાથી દૂર ન રહી શકે તે ન્યાયિક સેવામાં ન જોડાય

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

એક ન્યાયાધીશે સંન્યાસીની જેમ જીવવું જોઈએ અને ઘોડાની જેમ કામ કરવું જોઈએ, ત્યાં દંભ કે દેખાડાને કોઈ સ્થાન ન હોવું જોઈએ. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૭માં મધ્યપ્રદેશ ન્યાયિક સેવામાં સમાવિષ્ટ બે સિવિલ જજોને બરતરફ કરવાના કેસના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણીઓ કરી હતી અને કહ્યું હતું કે ન્યાયિક સેવામાં જોડાનારા લોકોએ સોશિયલ મીડિયાનો ઉપયોગ ટાળવો જોઈએ. અને જેઓ આમ કરવાથી રહી ન શકતા હોય તેમને ન્યાયિક સેવામાં જોડાવું જ ન જોઈએ. બે મહિલા ન્યાયિક અધિકારીઓને બરતરફ કરવાના મધ્યપ્રદેશ હાઈકોર્ટના નિર્ણય સામે સુઓમોટો કેસની સુનાવણી કરતી વખતે, ન્યાયમૂર્તિ બી.વી. નાગરથનાની આગેવાની હેઠળની બેન્ચને બે અધિકારીઓમાંથી એકની ફેસબુક પોસ્ટ મળી, જેમાં તેણે કોર્ટના પોતાના અનુભવો ફેસબુક પર શેર કર્યા હતા.

### શું છે આખો મામલો ?



જસ્ટિસ એન કોટીશ્વર સિંહ પણ બેન્ચમાં સામેલ હતા. આ કેસ બે સિવિલ જજ અદિતિ કુમાર શર્મા અને સરિતા ચૌધરીને બરતરફ કરવા સંબંધિત છે, જેમને અનુક્રમે ૨૦૧૮ અને ૨૦૧૭ માં મધ્ય પ્રદેશ ન્યાયિક સેવામાં સામેલ કરવામાં આવ્યા હતા.૨૦૨૩માં કુલ છ મહિલા ન્યાયિક અધિકારીઓને બરતરફ કરવામાં આવ્યા હતા. જ્યારે સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટને તેના નિર્ણય પર પુનર્વિચાર કરવા કહ્યું, ત્યારે મધ્યપ્રદેશ હાઈકોર્ટે ચાર અધિકારીઓના સંદર્ભમાં પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો, પરંતુ આ બે અધિકારીઓ સામે બરતરફીનો આદેશ પાછો ખેંચવાનો ઈનકાર કર્યો અને તેમની વિરુદ્ધ પ્રતિકૂળ ટિપ્પણીઓ નોંધવામાં આવી હતી. વરિષ્ઠ વકીલ અને હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ આર. બસંતે આ મંતવ્યને સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે ન્યાયાધીશે સોશિયલ મીડિયાથી દૂર રહેવા માટે તૈયાર રહેવું જોઈએ અને જે લોકો આમ કરવા તૈયાર નથી તેમણે ન્યાયિક સેવામાં જોડાવું જોઈએ નહીં.

### સુપ્રીમ કોર્ટે શું કહ્યું?

ખંડપીઠે કહ્યું, જજે સાધુની જેમ જીવવું પડે છે અને ઘોડાની જેમ કામ કરવું પડે છે. એક ન્યાયિક અધિકારીએ ઘણું બલિદાન આપવું પડે છે. ન્યાયાધીશ માટે અભિમાન માટે કોઈ જગ્યા નથી. બેન્ચે વધુમાં કહ્યું હતું કે, ન્યાયાધીશોએ ચુકાદાઓ પર ટિપ્પણી કરવી જોઈએ નહીં કારણ કે ફેસબુક જેવા પ્લેટફોર્મ ઓપન ફોરમ છે. આવતીકાલે એવું કહી શકાય કે સોશિયલ મીડિયા પર તેઓએ એક યા બીજી રીતે કેસ પર પોતાનો અભિપ્રાય આપ્યો છે.

# ટ્રમ્પે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને શપથગ્રહણ સમારોહમાં તેડાવ્યા

## ૨૦ જાન્યુઆરીએ વોશિંગ્ટન ડીસીમાં યોજાનારા સમારંભમાં વ્લાદિમીર પુતિનને પણ આમંત્રણ મળે તેવી શક્યતા

આજકાલ પ્રતિનિધિ-વોશીંગ્ટન

અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ યોજાનાર શપથ ગ્રહણ સમારોહમાં જોડવા માટે આમંત્રણ આપ્યું છે. ટ્રમ્પના ભાવિ પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જિનપિંગના આમંત્રણની પુષ્ટિ કરી છે. એવી પણ શક્યતા છે કે ટ્રમ્પ આ કાર્યક્રમમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને પણ આમંત્રિત કરી શકે છે.નોંધનીય છે કે ટ્રમ્પ ચીનના કટ્ટર વિરોધી હોવાનું માનવામાં આવી રહ્યું હતું અને તેમને આવા અનેકવાર પુરાવા પણ આપ્યા છે ત્યારે આ આમંત્રણથી વિશ્વ પણ ચોંકી ઉઠ્યું છે.

અમેરિકાના ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને આવતા મહિને તેમના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું છે. ટ્રમ્પે ચીની ચીજવસ્તુઓ પર ભારે ટેરિફ લાદવાની ધમકી આપી છે, પરંતુ તેમ છતાં તેમણે શીને તેમના ઉદઘાટન માટે આમંત્રણ આપ્યું છે. ટ્રમ્પને ચીનના કટ્ટર વિરોધી માનવામાં આવે છે. પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન પણ તેમણે ચીનને અમેરિકાનો સૌથી મોટો દુશ્મન ગણાવ્યો હતો. અને હવે તેમને આમંત્રણ મોકલાયું છે. યુનાઈટેડ સ્ટેટ્સના ૪૭માં રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પનો શપથ ગ્રહણ સમારોહ સોમવાર, ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ વોશિંગ્ટન ડીસીમાં યોજાશે.

### શી જિનપિંગના આમંત્રણની પુષ્ટિ થઈ

ટ્રમ્પના ઈનકમિંગ પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પુષ્ટિ કરી હતી કે ટ્રમ્પે શી જિનપિંગને આમંત્રણ આપ્યું છે, આ સાથે એમ જણાવ્યું હતું કે અમેરિકાના સૌથી મહત્વપૂર્ણ આર્થિક અને લશ્કરી હરીફના નેતા ભાગ લેશે કે કેમ તે નિર્ધારિત કરવું હતું. લેવિટે ફોક્સ ન્યૂઝ પરની હાજરીમાં જણાવ્યું હતું કે, આ પ્રમુખ ટ્રમ્પ એવા દેશોના નેતાઓ સાથે ખુલી વાતચીત કરવાનું એક ઉદાહરણ છે જે ફક્ત અમારા સાથી જ નથી, પરંતુ અમારા વિરોધીઓ અને અમારા હરીફો પણ છે.ટ્રમ્પે અનેક દેશોના રાષ્ટ્રાધ્યક્ષોને બોલાવ્યા છે જો કે લેવિટે અન્ય કોઈ વિગતો આપી નથી.

# દિલ્હી કૂચ કરી રહેલા ખેડૂતોની ધમકીઃ જો કોઈને કંઈ થાય તો જવાબદારી સરકારની

## ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે પ્રેસ કોન્ફરન્સ કરી કહ્યું, અમારા આંદોલનમાં દિલ્હી સુધી કૂચ અને ખનૌરી બોર્ડર પર આમરણાંત ઉપવાસનો સમાવેશઃ વડાપ્રધાનને લખ્યો પત્ર

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

પોતાની માંગણીઓ પર અડગ રહેતા ખેડૂતોએ તેમની ભાવિ વ્યૂહરચના અંગે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરે જણાવ્યું કે ખેડૂતોનું એક જૂથ ૧૪ ડિસેમ્બરે દિલ્હી કૂચ કરશે. સર્વન સિંહ પંઢેરે કહ્યું, આજે અમે બંને ફોરમ વતી વડાપ્રધાનને પત્ર લખ્યો છે. આ બેઠકમાં અમે જે કાર્યક્રમો નક્કી કર્યા છે તેમાં દિલ્હી સુધી કૂચ અને ખનૌરી બોર્ડર પર આમરણાંત ઉપવાસનો સમાવેશ થાય છે. આ સિવાય અમે અમારી તમામ માંગણીઓ સામે રાખી છે. અમે ૨૦૧૩-૨૦૧૮માં તેમના કૃષિ મંત્રાલયનો પત્ર અને ડિસેમ્બર ૨૦૨૧નો પત્ર પણ જોડ્યો છે. તેમણે કહ્યું, અમે ખુદ વડાપ્રધાનને



કહેવા માંગીએ છીએ કે જો ખનૌરી બોર્ડર પર કોઈ જાન-માલનું નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સરકારની રહેશે. અમે સમગ્ર દેશની સામે અમારું વલણ રજૂ કર્યું છે. અમે દેશની જનતાને અમારી તમામ માંગણીઓ વિશે જણાવવા માંગીએ છીએ. ખેડૂત નેતાએ કહ્યું, સરકાર અમારા પર ડિજિટલ ઈમરજન્સી લાદવાનો પ્રયાસ કરી રહી છે. ખનૌરી બોર્ડર પર બે યુનિયનનું ઈન્ટરનેટ બંધ કરવામાં આવશે તેવું સાંભળવામાં આવ્યું છે. ઈન્ટરનેટ બંધ કરવાનો અર્થ એ છે કે બંને સરકારો ખેડૂત પર હુમલો કરવા માટે તૈયાર થઈ રહી છે. આ સિવાય અમે સમગ્ર દેશવાસીઓને ઉપવાસ કરવાનું આહ્વાન કર્યું છે. આવતીકાલે અમારા આંદોલનને ૧૦ મહિના પૂર્ણ થશે.

શક્ય તેટલા ખેડૂત મજૂરોને ત્યાં પહોંચવા માટે પૂછતા પંઢેરે કહ્યું, આગળની મોટી વ્યૂહરચના નક્કી કરવા ઉપરાંત, ખેડૂતોનું એક જૂથ ૧૪ ડિસેમ્બરે દિલ્હી તરફ કૂચ કરશે, જેનું નેતૃત્વ જસવિંદર સિંહ લોંગોવાલ કરશે. જ્યાં સુધી અમારી માંગણીઓ નહીં સંતોષાય ત્યાં સુધી અમે અડગ રહીશું.

# હવે એઆઈ ટેકનોલોજીથી બનેલો પોલીસ રોબોટ ગુનેગારોને પકડશે

## ચીને એઆઈ સંચાલિત રોબોટ વિકસાવ્યોઃ રોબોટ જમીન અને પાણી પર સમાન રીતે કામ કરી શકશેઃ ચાર ટન સુધીનો ભાર સહન કરવા સક્ષમ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ટેકનીકલ વિકાસ સાથે, રોબોટ્સનો ઉપયોગ ઘણા ક્ષેત્રોમાં વધી રહ્યો છે. ચીને એઆઈ સંચાલિત રોબોટ વિકસાવ્યો છે જે ગુનેગારોને પકડવામાં પોલીસને મદદ કરશે. તેને પોલીસ રોબોટની સાથે 'આરટી-જી' નામ આપવામાં આવ્યું છે. આ ગોળાકાર રોબોટ આત્મનિર્ભર રીતે કામ કરી શકે છે. તેને લોગોન ટેક્નોલોજીથી વિકસાવવામાં આવ્યો છે. ચીની મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આરટી-જી પશ્ચિમી દેશોના સર્વેલન્સ



રોબોટ્સથી અલગ છે.

તે ગુનેગારોનો પીછો કરવા અને પકડવામાં સક્ષમ છે. તેનો એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે, જેમાં તે શહેરના રસ્તાઓ પર ફરતી વખતે ગુનાહિત ગતિવિધિઓને શોધી રહ્યો છે. તે વધુ જોખમવાળા વાતાવરણમાં કામ કરવા માટે બનાવવામાં આવેલ છે. તેનો હેતુ ગુનેગારોની એવી માન્યતાને તોડવાનો છે કે તેઓ પોલીસથી બચી શકે છે.

એઆઈ ની મદદથી ' આરટી-જી' રોબોટમાં ઘણી ખાસ સુવિધાઓ સામેલ કરવામાં આવી છે. તે જાળી ફેંકી શકે છે અને ઊંચાઈએથી પડતાં કામ કરવામાં પણ સક્ષમ છે. તે ૩૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલે છે. તેમાં અત્યાધુનિક સેન્સર અને ફેશિયલ રેકગ્નિશન સોફ્ટવેર છે. આ શંકાસ્પદ પ્રવૃત્તિઓને ઓળખી શકે છે. ચીની મીડિયાએ તેમને ભવિષ્યમાં ગુનેગારોને પકડનાર હીરો ગણાવ્યા છે. રોબોટ જમીન અને પાણી પર સમાન રીતે કામ કરી શકે છે. તે ચાર ટન સુધીનો ભાર સહન કરવા સક્ષમ હોવાથી અકસ્માત કે હુમલામાં મોટું નુકસાન ટાળી શકે છે. તે ટ્રેપ ગન, ટીયર ગેસ સ્પ્રેયર અને સાઉન્ડ વેવ સાધનોથી સજ્જછે. જ્યારે ભયથી ઘેરાયેલા હોય ત્યારે અન્ય રોબોટ્સ અને પોલીસની મદદ લેવા માટે તેમાં સોફ્ટવેર પણ છે.

# માર્ક ઝકરબર્ગ વેચી રહ્યા છે તેનો સોનાનો ચેઈન

## પ્રાપ્ત થયેલી સંપૂર્ણ રકમ એક પરોપકારી પહેલ ઈન્ફ્લેક્શન ગ્રાન્ટ્સમાં દાન અપાશે

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ફેસબુકના સ્થાપક માર્ક ઝકરબર્ગની ગોલ્ડ પ્લેટેડ ક્યુબન લિંક ચેઈન થોડા દિવસથી ચર્ચામાં છે. આ ચેઈન ઓનલાઈન હરાજી માટે મુકવામાં આવ્યો છે અને તેની બિડિંગ ૪૦,૦૦૦ ડોલર (અંદાજે ૩૩ લાખ રૂપિયા)ને વટાવી ગઈ છે. આ હરાજીની વિશેષતા એ છે કે તેમાંથી પ્રાપ્ત થયેલી સંપૂર્ણ રકમ એક પરોપકારી પહેલ ઈન્ફ્લેક્શન ગ્રાન્ટ્સમાં દાન કરવામાં આવશે.

ઈન્ફ્લેક્શન ગ્રાન્ટ્સએ એક પહેલ છે જે વ્યક્તિઓ અને સર્જનાત્મક પ્રોજેક્ટ્સને નાણાકીય સહાય પૂરી પાડે છે જેઓ પરંપરાગત નાણાકીય સહાય મેળવવામાં અસમર્થ છે. આ હેઠળ, ૨,૦૦૦ ડોલર (અંદાજે ૧.૬ લાખ રૂપિયા)નું અનુદાન આપવામાં આવે છે. ઝકરબર્ગનું આ પગલું સમાજ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.



આ ૬.૫ એમએમની ગોલ્ડ વર્મીલ ચેઈનને ઝકરબર્ગની તાજેતરની સ્ટાઈલનું પ્રતીક માનવામાં આવે છે. હરાજીએ તેને ટાઈમલેસ હેરલૂમ તરીકે વર્ણવ્યું છે જે બિડર્સને ટેક જાયન્ટની બદલાતી વ્યક્તિગત શૈલીનો ભાગ બનવાની તક આપે છે. ખાસ વાત એ છે કે ચેઈનના વિજેતાને ઝકરબર્ગનો એક અંગત વીડિયો પણ મળશે જે તેની સત્યતાની પુષ્ટિ કરશે.

# પીએફના પૈસા એટીએમમાંથી ઉપાડી શકાશે ઈપીએફઓના કરોડો સભ્યોને ફાયદો થશે

## આવતા વર્ષથી ઈપીએફઓમાં નવો નિયમ લાગુ થવાની શક્યતા, આઈટી સિસ્ટમમાં થશે ધરખમ સુધારા

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

સરકાર ટૂંક સમયમાં ઈપીએફઓ ૩.૦ લોન્ચ કરી શકે છે. આ પછી પીએફ સંબંધિત ઘણી સુવિધાઓમાં સુધારો થશે. થોડા સમય પહેલા એવું માનવામાં આવતું હતું કે પીએફના પૈસા એટીએમ દ્વારા નીકળી શકશે નહી . હવે શ્રમ સચિવે આ અંગે અપડેટ આપી છે. તેમણે કહ્યું કે આઈટી સિસ્ટમમાં સુધારા કરવામાં આવી રહ્યા છે. તેના અમલીકરણ પછી ઘણા મોટા ફેરફારો થશે.

એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન ટૂંક સમયમાં ઈપીએફઓ ૩.૦ લોન્ચ કરી શકે છે. આ પછીઈપીએફઓ નિયમોમાં આમૂલ ફેરફાર થશે. આ ફેરફારથી ઈપીએફઓના કરોડો સભ્યોને ફાયદો થશે.

થોડા સમય પહેલા મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સરકાર એટીએમ દ્વારા પીએફ ઉપાડવાની સુવિધા માટે કામ કરી રહી છે. હવે આ અંગે એક નવું અપડેટ આવ્યું છે. શ્રમ અને રોજગાર મંત્રાલયના શ્રમ સચિવ સુમિતા ડાવરાએ જાહેરાત કરી છે કે સરકાર કર્મચારીઓને વધુ સારી સેવાઓ પ્રદાન કરવા માટે આઈટી સિસ્ટમમાં સુધારો કરવાનો પ્રયાસ કરી રહી છે.

સુમિતા ડાવરાએ એમ પણ કહ્યું કે એવી આશા રાખી શકાય છે કે વર્ષ ૨૦૨૫થી ઈપીએફઓ સભ્યોને એટીએમ દ્વારા પીએફના પૈસા ઉપાડવાની સુવિધા મળશે. સરકાર આ માટે કામ કરી રહી છે.

ઈપીએફઓની સારી સેવા અંગે તેમણે કહ્યું કે અમે આઈટી સિસ્ટમમાં સુધારો કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ પહેલા પણ ઈપીએફઓ ની સેવામાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે. આ સુધારાઓમાં ઝડપી દાવાઓ અને સ્વ-દાવાઓનો સમાવેશ થાય છે.

### ઈપીએફઓના ઉપાડનો નિયમ શું છે

- ઈપીએફઓના નિયમો મુજબ સભ્યો કામ કરતી વખતે તેમની સંપૂર્ણ રકમ ઉપાડી શકતા નથી.
- જો કોઈ વ્યક્તિ એક મહિના માટે બેરોજગાર હોય તો તે ૭૫ ટકા ઉપાડી શકે છે.
- જો તમે બે મહિનાથી બેરોજગાર છો, તો તમે પીએફ ફંડમાંથી આખા પૈસા ઉપાડી શકો છો.

### ઈપીએફઓ અદ્યતન ટેકનોલોજી અપનાવશે

સુમિતા ડાવરાએ આપેલી માહિતી અનુસાર, સરકાર પીએફમાંથી બિનજરૂરી પ્રક્રિયાઓ દૂર કરી રહી છે. ઈપીએફઓ બેંકિંગ સિસ્ટમ જેવું જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યું છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે જાન્યુઆરી ૨૦૨૫થી પીએફ સિસ્ટમમાં ફેરફાર જોવા મળી શકે છે. આ સિવાય ઈપીએફઓ સિસ્ટમમાં ઘણા વધુ એડવાન્સ ઈમ્પ્રૂવમેન્ટ્સ જોવા મળશે.

# મસ્જિદમાં 'જય શ્રી રામ' બોલવાથી ભાવનાઓને ઠેસ પહોંચે છે કે નહીં?

## કર્ણાટક હાઈકોર્ટના નિર્ણય વિરુદ્ધ અરજી દાખલ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

મસ્જિદમાં જય શ્રી રામના નારા લગાવવાના કેસમાં કર્ણાટક હાઈકોર્ટના નિર્ણય વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજી પર આજે સુનાવણી થશે. મળતી માહિતી મુજબ, સુપ્રીમ કોર્ટમાં આ અરજી હૈદર અલી નામના વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવી છે. આ કેસની સુનાવણી જસ્ટિસ પંકજ મિત્તલ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચ કરશે. એડવોકેટ જાવેદુર રહેમાન હૈદર અલીનું પ્રતિનિધિત્વ કરશે.

અરજીકર્તાએ જણાવ્યું છે કે ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ રાત્રે લગભગ ૧૦:૫૦ વાગ્યે, કેટલાક લોકો અથૂર ગામમાં સ્થિત બદરિયા જામા મસ્જિદમાં ઘૂસી ગયા અને ધમકી આપતા હોય એ રીતે 'જય શ્રી રામ'ના નારા લગાવવા લાગ્યા. એ પછી આરોપીઓએ તેમને શાંતિથી જીવવા નહીં દેવાની ધમકી પણ આપી હતી. અરજદારની ફરિયાદના આધારે આ કેસમાં પાછળથી બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જોકે બાદમાં આરોપીને જામીન મળી ગયા હતા. જામીન મળ્યા બાદ બંને આરોપીઓએ કર્ણાટક હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને તેમની સામેના આરોપોને પડકાર્યા હતા. કર્ણાટક હાઈકોર્ટે ૨૯ નવેમ્બર ૨૦૨૩ના રોજ સુનાવણી બાદ ટ્રાયલ કોર્ટના આદેશ પર રોક લગાવી દીધી હતી, જ્યારે આ વર્ષે એટલે કે ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ધરપકડને ખોટી ગણાવીને કેસ બંધ કરી દીધો હતો.

માહિતી અનુસાર ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, કર્ણાટક હાઈકોર્ટે મસ્જિદની અંદર 'જય શ્રી રામ' ના નારા લગાવવાના આરોપમાં બે વ્યક્તિઓ વિરુદ્ધ ફોજદારી કેસને ફગાવી દીધો હતો. કોર્ટે કહ્યું હતું કે આવી ક્રિયાઓથી ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચતી નથી. પછી જસ્ટિસ એમ. નાગપ્રસન્નાની આગેવાની હેઠળની સિંગલ બેંચે પ્રશ્ન ઉઠાવ્યો કે કેવી રીતે સૂત્રોચ્ચાર સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી શકે છે.

કોર્ટે કહ્યું હતું કે ફરિયાદીએ સ્વીકાર્યું છે કે આ વિસ્તારમાં હિન્દુ અને મુસ્લિમો સુમેળથી રહે છે. બેન્ચના મતે આગળની કાર્યવાહીને મંજૂરી આપવી એ કાયદાકીય પ્રક્રિયાનો દુરુપયોગ ગણાશે. સુપ્રીમ કોર્ટના આદેશને ટાંકીને, કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે દરેક કાર્ય આઈપીસીની કલમ ૨૯૫એ હેઠળ ગુનો નથી.

# સુપ્રીમ કોર્ટના કોઈ ન્યાયાધીશ સામે મહાભિયોગ કરી શકાય ?

## અલ્હાબાદ હાઈકોર્ટના જજ શેખર કુમાર યાદવે વિશ્વ હિન્દુ પરિષદના એક કાર્યક્રમમાં લઘુમતીઓ પર વાંધાજનક વિવાદાસ્પદ નિવેદન આપ્યા બાદ તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવા ફરિયાદ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

તાજેતરમાં અલ્હાબાદ હાઈકોર્ટના જજ શેખર કુમાર યાદવે વિશ્વ હિન્દુ પરિષદના એક કાર્યક્રમમાં વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. જસ્ટિસ શેખર કુમાર યાદવ દ્વારા લઘુમતીઓ પર વાંધાજનક ટિપ્પણી કર્યા બાદ દરેક જગ્યાએ તેમની ટીકા થઈ રહી છે. એટલું જ નહીં આ મામલે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને પણ પત્ર લખવામાં આવ્યો છે અને જસ્ટિસ શેખર કુમાર યાદવ વિરુદ્ધ કાર્યવાહી કરવાની ફરિયાદ કરવામાં આવી છે. આ સિવાય વિપક્ષી પાર્ટીઓનું ગઠબંધન અલ્હાબાદ હાઈકોર્ટના જજ શેખર કુમાર યાદવ



વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારી કરી રહ્યું છે.

ભારતીય બંધારણની કલમ ૧૨૪(૪) હેઠળ, સુપ્રીમ કોર્ટના કોઈપણ ન્યાયાધીશ સામે મહાભિયોગ શરૂ કરી શકાય છે. બંધારણની કલમ ૨૧૮ હેઠળ, આ જ જોગવાઈઓ હાઈકોર્ટના ન્યાયાધીશોને પણ લાગુ પડે છે. ભારતીય બંધારણની કલમ ૧૨૪ (૪) મુજબ, ગેરવર્તણૂક અને અસમર્થતા, એટલે કે સાબિત ગેરવર્તણૂક અને અસમર્થતા, સંસદ દ્વારા મહાભિયોગ પ્રક્રિયા હેઠળ ન્યાયાધીશને દૂર કરવા માટેનું કારણ માનવામાં આવે છે.

સંસદના કોઈપણ ગૃહમાં ન્યાયાધીશો પર મહાભિયોગ લાવી શકાય છે. આ માટે લોકસભામાં ઓછામાં ઓછા ૧૦૦ સભ્યોનું સમર્થન જરૂરી છે. જ્યારે રાજ્યસભામાં આ માટે ૫૦ સભ્યોની સહી જરૂરી છે. આ પ્રસ્તાવ આવ્યા બાદ સંસદ દ્વારા એક તપાસ સમિતિની રચના કરવામાં આવે છે. પછી તપાસ સમિતિ પોતાનો રિપોર્ટ સંસદમાં સુપરત કરે છે. એ પછી સંસદના બંને ગૃહોમાં તેના પર ચર્ચા થાય છે. જેમાં જજને પણ પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવે છે. મહાભિયોગ પ્રસ્તાવ પસાર કરવા માટે બહુમતી જરૂરી છે અને નિર્ણય સંસદ દ્વારા લેવામાં આવે છે. તેના પર અંતિમ મહોર ભારતના રાષ્ટ્રપતિ તરફથી લાગે છે.

મહાભિયોગ પ્રસ્તાવ પછી, લોકસભાના સ્પીકર અને રાજ્યસભાના અધ્યક્ષ મળીને તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિ બનાવે છે. આ સમિતિની અધ્યક્ષતા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અથવા અન્ય કોઈ ન્યાયાધીશને સોંપવામાં આવે છે. આ સમિતિમાં કોઈપણ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ થાય છે. તેમજ લોકસભાના અધ્યક્ષ અથવા રાજ્યસભાના અધ્યક્ષ વતી પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રીનો પણ સમાવેશ થાય છે.

સંસદમાં મહાભિયોગ પ્રસ્તાવ પછી જ્યારે તપાસ સમિતિ તેનો અહેવાલ પૂર્ણ કરે છે અને તેને લોકસભાના અધ્યક્ષ અને રાજ્યસભાના અધ્યક્ષને સુપરત કરે છે. પછી બંને ગૃહોમાં અહેવાલ પર ચર્ચા થાય છે. જો તપાસ અહેવાલમાં લગાવવામાં આવેલા આરોપો સાચા ન જણાય તો ત્યાં જ પ્રસ્તાવ ફગાવી દેવામાં આવે છે પરંતુ આરોપો સાચા હોય તો બંને ગૃહો દ્વારા રાષ્ટ્રપતિને આરોપી જજને હટાવવાની ભલામણ કરવામાં આવે છે.

# મોંઘવારી ઘટીઃ નવેમ્બરમાં ફુગાવાનો દર ઘટીને ૫.૪૮ ટકા પર પહોંચી ગયો

## ઓક્ટોબર મહિનામાં રિટેલ મોંઘવારી ૬ ટકાને પાર કરી ગઈ હતીઃ ખાદ્ય ચીજોના ફુગાવાનો દર નવેમ્બરમાં ઘટીને ૯.૦૪ ટકા પર આવી ગયો જે ઓક્ટોબરમાં ૧૦.૮૭ ટકા પર પહોંચ્યો હતો

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

વધી રહેલી મોંઘવારી બાબતે ભારત માટે સારા સમાચાર છે. સરકારે નવેમ્બર માટે મોંઘવારી દરના આંકડા જાહેર કર્યા, જે દેશના લોકો માટે રાહત છે. ઑક્ટોબર મહિનામાં રિટેલ મોંઘવારી ઝડપથી વધીને ૬ ટકાને પાર કરી ગઈ હતી, પરંતુ નવેમ્બર મહિનામાં તે ઘટીને ૫.૪૮ ટકા થઈ ગઈ છે. સરકારે કહ્યું કે ખાદ્ય ચીજવસ્તુઓ, ખાસ કરીને શાકભાજીના ભાવમાં નરમાઈના કારણે મોંઘવારી ઘટી છે. બુધવારે આરબીઆઈ ગવર્નર તરીકેનો કાર્યભાર સંભાળનાર સંજય મલ્હોત્રા માટે આ પ્રથમ સારા સમાચાર છે. નોંધનીય છે કે આરબીઆઈએ મોંઘવારી દરને ૪-૬ ટકાની રેન્જમાં રાખવાનું લક્ષ્ય રાખ્યું છે અને નવેમ્બરમાં તે ફરી ૬ ટકાથી નીચે આવી ગયું છે.

ગયા ઓક્ટોબરમાં ભારતનો છૂટક ફુગાવો વધીને ૬.૨૧ ટકા થયો હતો. જે સપ્ટેમ્બરમાં ૫.૪૯ ટકા હતો. એવું માનવામાં આવતું હતું કે તહેવારોની સિઝનમાં ખાદ્યપદાર્થોના ઊંચા ભાવને કારણે મોંઘવારી દરમાં વધારો થયો છે. ઓગસ્ટ ૨૦૨૩ પછી આ પ્રથમ વખત હતો જ્યારે ફુગાવો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ૬ ટકાની સહનશીલ મર્યાદાને વટાવી ગયો હતો. સપ્ટેમ્બરમાં ફુગાવો જુલાઈ પછી પ્રથમ વખત આરબીઆઈના ૪ ટકાના મધ્યમ ગાળાના લક્ષ્યાંકને વટાવીને ૫.૪૯ ટકા પર પહોંચ્યો હતો. એટલે કે મોંઘવારીમાં સતત વધારો જોવા મળી રહ્યો છે, જેની અસર સામાન્ય લોકોના ખિસ્સા પર પડી રહી છે.

જો આપણે નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ દ્વારા બહાર પાડવામાં આવેલા સીપીઆઈ ડેટા પર નજર કરીએ તો, ખાદ્ય ચીજોના ફુગાવાનો દર નવેમ્બરમાં ઘટીને ૯.૦૪ ટકા પર આવી ગયો હતો, જે ઓક્ટોબર મહિનામાં ૧૦.૮૭ ટકા પર પહોંચી ગયો હતો. જ્યારે ગયા વર્ષે નવેમ્બર ૨૦૨૩માં તે ૮.૭૦ ટકા હતો. એનએસઓ અનુસાર, નવેમ્બર ૨૦૨૪ દરમિયાન શાકભાજી, કઠોળ અને ખાદ્યપદાર્થો, ખાંડ અને મીઠાઈઓ, ફળો, ઈંડા, દૂધ અને મસાલાના ભાવમાં મોટો ઘટાડો થયો છે. નવેમ્બર મહિનામાં અનાજનો મોંઘવારી દર ૬.૮૮ ટકા નોંધાયો હતો, જે ઓક્ટોબરમાં ૬.૯૪ ટકા હતો. જો કઠોળની વાત કરીએ તો તેના પર મોંઘવારી દર ૭.૪૩ ટકાથી ઘટીને ૫.૪૧ ટકા પર આવી ગયો છે.

ઉલ્લેખનીય છે કે સીપીઆઈ આધારિત છૂટક ફુગાવો જુલાઈ-ઓગસ્ટ મહિનામાં સરેરાશ ૩.૬ ટકાના સ્તરે હતો, પરંતુ તે પછી સપ્ટેમ્બર મહિનામાં અને ઓક્ટોબર મહિનામાં આરબીઆઈ દ્વારા નિર્ધારિત મર્યાદાને તોડીને ૫.૫ ટકા થઈ ગયો. , તે ૬.૨૧ ટકા પર પહોંચી ગયો છે.

દેશ-પરદેશની આજકાલ

**તંત્રી સ્થાનેથી**

# પ્લેસ ઓફ વર્શીપ એક્ટ અને ધાર્મિક સ્થળોનો સર્વે કરવાની સત્તા

પ્લેસ ઓફ વર્શીપ એક્ટની કેટલીક જોગવાઈઓની માન્યતાને પડકારતી અનેક અરજીઓ પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે ગુરુવારે (૧૨ ડિસેમ્બર ૨૦૨૪) એક મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. સર્વોચ્ચ અદાલતે આદેશ આપ્યો છે કે જ્યાં સુધી તે આ કેસની સુનાવણી ન કરે ત્યાં સુધી આ કાયદાને પડકારતા કેસ દેશમાં બીજે ક્યાંય દાખલ કરવામાં ન આવે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું, આ કેસ આ કોર્ટ હેઠળ સબ-જ્યુડીસ હોવાથી અમે તેને યોગ્ય માનીએ છીએ કે કોઈ નવો કેસ નોંધવામાં ન આવે. કોઈ નવો કેસ નોંધવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટમાં આગામી સુનાવણી સુધી કોઈ નવા કેસની નોંધણી કરવી જોઈએ નહીં. આ અંગે કેન્દ્રને એફિડેવિટ દાખલ કરવા પણ કહેવામાં આવ્યું છે. ભારતીય જનતા પાર્ટીના સભ્ય અને એડવોકેટ અશ્વિની કુમાર ઉપાધ્યાયે ૨૦૨૦માં એક અરજી દાખલ કરી હતી, જેમાં તેમણે કહ્યું હતું કે આ કાયદો ધર્મનિરપેક્ષતા અને સમાનતા જેવા બંધારણના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. તેમના મતે આ કાયદો હિન્દુઓને વધુ નુકસાન પહોંચાડે છે. આ અરજીનો વિરોધ કરીને જમિયત ઉલેમા-એ-હિંદ, કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી) અને ઘણા કાર્યકરોએ પણ તેમની અરજી દાખલ કરી છે. પ્લેસિસ ઓફ વર્શીપ એક્ટ કહે છે કે ભારતમાં ધાર્મિક સ્થળની સ્થિતિમાં ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ની જેમ કોઈ ફેરફાર કરી શકાય નહીં.

આ કાયદામાં કેટલાક મહત્વના મુદ્દાઓનો સમાવેશ થાય છેઃ આ કાયદા હેઠળ કોઈ પણ વ્યક્તિ કોઈપણ સમુદાયના ધાર્મિક સ્થળ અથવા પૂજા સ્થળની પ્રકૃતિ બદલવાનો પ્રયાસ કરી શકે નહીં. કલમ ૪(૧)માં સ્પષ્ટ રીતે લખવામાં આવ્યું છે કે ધાર્મિક સ્થળ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના જે સ્વરૂપમાં હતું તે જ સ્વરૂપમાં રહેશે. કલમ ૪(૨) પ્રમાણે જો ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ પછી કોઈપણ ધાર્મિક સ્થળની પ્રકૃતિમાં ફેરફાર અંગે કોઈ કેસ, અપીલ અથવા અન્ય કાર્યવાહી કોઈપણ કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા સત્તામાં પેન્ડિંગ હોય, તો તે કેસ રદ કરવામાં આવશે. આ સિવાય આવા કેસમાં ફરીથી કોઈ કેસ કે અપીલ દાખલ કરી શકાશે નહીં. આ કાયદા મુજબ રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ આ કાયદામાં સામેલ નથી, કારણ કે આ મામલો આઝાદી પહેલા પણ કોર્ટમાં પેન્ડિંગ હતો. અન્ય અપવાદ એવા ધાર્મિક સ્થળો છે જે પુરાતત્વીય સર્વે વિભાગ હેઠળ આવે છે. આ સ્થળોની જાળવણી અને સંરક્ષણ કાર્ય પર કોઈ પ્રતિબંધ નથી. આ કાયદો જ્ઞાનવાપી મસ્જિદ, મથુરાની શાહી ઈદગાહ સહિત દેશના તમામ ધાર્મિક સ્થળોને લાગુ પડે છે. ૧૯૯૦માં ભાજપના નેતા લાલકૃષ્ણ અડવાણીએ અયોધ્યામાં રામ મંદિર નિર્માણ આંદોલનના સમર્થનમાં રથયાત્રાની શરૂઆત કરી હતી. બિહારમાં તેની ધરપકડ અને તે જ વર્ષે કાર સેવકો પર ગોળીબારની ઘટનાઓએ સમગ્ર દેશમાં, ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં સાંપ્રદાયિક તણાવ ચરમસીમાએ પહોંચાડ્યો હતો. આ માહોલમાં ૧૯૯૧માં અયોધ્યા આંદોલન અને તેનાથી સંબંધિત વિવાદો ચરમસીમાએ હતા. આવા સમયે, ૧૮ સપ્ટેમ્બર ૧૯૯૧ના રોજ, કેન્દ્રની નરસિમ્હા રાવ સરકારને સંસદ દ્વારા પૂજા સ્થળ અધિનિયમ પસાર કરવામાં આવ્યો. તે સમયે ઉમા ભારતી સહિત ભાજપના અનેક નેતાઓએ આ નવા કાયદાનો જોરદાર વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આવો કાયદો બનાવીને આવા અન્ય વિવાદાસ્પદ મામલાઓને નજરઅંદાજ કરી શકાય નહીં. જ્ઞાનવાપી કેસની સુનાવણી દરમિયાન તત્કાલિન મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે મૌખિક ટિપ્પણી કરી હતી કે પૂજા સ્થળ અધિનિયમ ૧૯૯૧, કોઈપણ માળખાના ધાર્મિક પાત્રની તપાસ પર પ્રતિબંધ મૂકતો નથી. આ ટિપ્પણી પછી, મસ્જિદોની નીચે મંદિરોના અસ્તિત્વની તપાસ કરવા માટે સર્વેક્ષણ હાથ ધરવાની માંગ દશના અનેક સ્થળોએ કરવામાં આવી છે.

# ભડ પે સેન્ટર શાળાના ૧૩૬ માં સ્થાપનાદિનની થઈ ભવ્ય ઉજવણી



પોરબંદરના ઘેડ વિસ્તારમાં આવેલી ભડ પે સેન્ટર શાળાના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

## બહોળી સંખ્યામાં અધિકારીઓ અને અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત

**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

પોરબંદરના ઘેડ વિસ્તારમાં આવેલી ભડ પે સેન્ટર શાળાના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી.

પોરબંદર જિલ્લામાં ઘેડ વિસ્તારમાં આવેલું ભડ ગામ કે જયાં ૧૮૮૭ માં સરકારી શાળા જે તે સમયે શરૂ થઈ હતી.એ શાળા આજે ૧૩૬ વર્ષ વીતી ગયા છતાં અડીખમ ઉભી છે તથા સંસ્કાર સાથે શિક્ષણનું સિંચન કરી રહી છે.

શાળા સ્થાપના દિવસની ખુબ ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી.આ તકે આપને જણાવી દઈએ કે હાલના પોરબંદરના રાજયસભાના સાસંદ રામભાઈ મોકરીયાએ પણ આ જ શાળામાં પોતાનું પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતુ,સાથે-સાથે ગોકુલ હોસ્પિટલ રાજકોટના ડો. પ્રકાશ મોઢા પણ આ જ શાળાના વિદ્યાર્થી રહી ચુક્યા છે.

આ શાળાના સ્થાપના દિવસે યોજાયેલ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં પોરબંદર જિલ્લા પંચાયતના માજી સદસ્ય તથા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ દિલિપભાઈ મોઢવાડીયા,તાલુકા પંચાયત સદસ્ય રામભાઈ હમીરભાઈ,સરંપચ સાકરબેન,વકીલ અને આર.ટી.આઈ. એક્ટીવીસ્ટ ભનુભાઈ ઓડેદરા, પોરબંદર જિલ્લા પ્રા.શિ.સંઘ પ્રમુખ હિરેનભાઈ ઓડેદરા,બી.આર.સી. પોરબંદર પરેશભાઈ પુરૂષનાણી,પોરબંદર જિલ્લા એચ ટાટ સંઘ પ્રમુખ મુરૂભાઈ ઓડેદરા, પોરબંદર તાલુકા પ્રા.શિ.સંઘ પ્રમુખ રમેશભાઈ ઓડેદરા તથા ભડ પે સે શાળાના નિવૃત શિક્ષકો, પેટાશાળાના આચાર્યો અનેક ભુતપુર્વ વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.બાળકો દ્વારા અંધશ્રદ્ધા નાબુદી નાટક,રાણી લક્ષ્મીબાઈ પર પ્રસ્તુતિ,ગીરનું પ્રખ્યાત સીદી ધમાલ નૃત્ય,સ્વચ્છતા જાગૃત નાટક, અભિનય ગીતો વગેરે પ્રસ્તુત કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

તમામ મહેમાનોને ભારતીય સંસ્કૃતિ પ્રમાણે કુમકુમ તિલક તથા પુષ્પગુચ્છ દ્વારા આવકારવામાં આવ્યા હતા.સમગ્ર સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક રમેશભાઈ ઓડેદરા દ્વારા કરવામાં આવ્યુ હતુ.

શાળાના શિક્ષિકા નિશિતાબેન દ્વારા કાર્યક્રમના અંતે બાળકોને બટુક ભોજન કરાવવામાં આવ્યુ હતુ.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ભડ પે સેન્ટર શાળા આચાર્ય તથા સમગ્ર સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

**હેપી બર્થ-ડે**

# પોરબંદર નગરપાલિકાના પ્રમુખ ડો. ચેતનાબેન તિવારીનો આજે જન્મદિવસ



પોરબંદર નગરપાલિકાના પ્રમુખ ડો. ચેતનાબેન ગીરીશભાઈ તિવારી નો આજે જન્મદિવસ છે. તેઓ હોમિયોપેથી કાઉન્સિલ અમદાવાદ ખાતે એમ.ડી. ડોક્ટરની ડિગ્રી ધરાવે છે તે ઉપરાંત એલએલબી સોશિયલનો પણ તેમણે અભ્યાસ કર્યો છે અને માસ્ટર ઓફ સોશિયલ વર્ક માં પણ તેમણે કામ કર્યું છે. તેઓ ઈસવીસન ૨૦૦૫ થી પાલિકામાં સેવા આપે છે. નગરપાલીકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરપર્સન તરીકે પણ જવાબદારી સંભાળેલી છે તે ઉપરાંત ઈસવીસન ૨૦૧૫માં નગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરપર્સન તરીકે ફરી જવાબદારી સંભાળી હતી અને તે સિવાય પણ એજ્યુકેશન કમિટીના ચેર પર્સન તરીકે પણ સેવા આપી રહ્યા હતા. ત્યારે તેમની વિવિધ સેવા પ્રવૃત્તિઓને પણ બિરદાવવામાં આવી છે. ત્યારે તેમના પુરા બે દાયકાના લાંબા રાજકીય કારકિર્દીના સમયગાળા દરમિયાન પોતાના જ્ઞાનનો લાભ આપ્યો છે. ત્યારે વધુ સારી રીતે પોરબંદરને વિકાસના પંથે લઈ જવા માટેની આગેકુચ કરશે લીડરશીપના ગુણ બચપણથી ધરાવતા ડોક્ટર ચેતનાબેન તિવારી પ્રાથમિક સ્કૂલમાં ડિસ્ટીંક્શન સાથે કેરિયર ઉપરાંત અભ્યાસની બધી જ પ્રવૃત્તિમાં સક્રિય અને જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લઈને લીડરશીપના ગુણને કેળવ્યો છે અને મહિલાઓમાં સતત ને સતત જાગૃતિ ફેલાવવાના પ્રયત્નો કર્યા છે. પોરબંદરમાં સ્ત્રી સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ એટલે નગરપાલિકાના પ્રમુખ ડોક્ટર ચેતનાબેન તિવારી છે. જેઓ અનેકવિધ સામાજિક સેવાકીય પ્રવૃતિઓ દ્વારા પણ જાણીતા છે. તેઓ કસ્તુબા મહિલા મંડળ માં પ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે તે ઉપરાંત જનરલ મેડિકલ પ્રેક્ટિસ મેડિકલ એસોસિએશનમાં પણ પ્રમુખ તરીકે રહી ચૂક્યા છે અનેકવિધ સેવા પ્રવૃત્તિઓ કરતી વૈશ્વિક સંસ્થા લાયોનેસ ક્લબમાં પણ પ્રમુખ તરીકેની સેવા આપી ચૂક્યા છે સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખમાં પણ તેઓ પ્રમુખ રહી ચૂક્યા છે માનવતા પરિવાર પોરબંદર શહેરના સ્થાપક પ્રમુખ તથા ૩૦૦ થી વધુ મહિલાઓ સભ્ય ધરાવતી સખીઓની સંસ્થા સખી ક્લબ પોરબંદરના સ્થાપક પ્રમુખ તરીકે પણ તેઓ સેવા આપી રહ્યા છે નશાબંધી અને આબકારી બોર્ડમાં પણ તેઓની કામગીરી અનુકરણીય રહી છે તો મહિલા અને બાળ આયોગમાં પણ તેમનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. તે ઉપરાંત બી.એલ. જોષી ટ્રસ્ટ કે જે ૨૦૦૦ જેટલી વિધવા બહેનોને દર મહિને રાશન અને રોકડ આપે છે તેના પણ તેઓ શુભેચ્છક સભ્ય છે આમ તેઓ અનેકવિધ સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે અને નારી ઉત્કર્ષ માટે સતત સક્રિય રહે છે. ત્યારે તેમના જન્મદિવસ નિમિત્તે પોરબંદરવાસીઓ શુભેચ્છાનો વરસાદ વરસાવી રહ્યા છે. ત્યારે 'આજકાલ' પરીવારથી તેમને મો.૯૮૭૯૩ ૦૩૮૦૧ ઉપર જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ.

# રવિવારે પોરબંદરમાં યોજાશે કવિ સંમેલન અને હાસ્યદરબાર

## ગુજરાત સાહિત્ય અકાદમી અને નવરંગ સાહિત્ય સંગીત કલા પ્રતિષ્ઠાનના ઉપક્રમે આયોજન

**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

આગામી રવિવારે પોરબંદરના ગાંધી સ્મૃતિ ભવન ખાતે કવિ સંમેલન અને હાસ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યુ છે.

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર અને નવરંગ સાહિત્ય સંગીત કલા પ્રતિષ્ઠાન પોરબંદરના સંયુકત ઉપક્રમે તા. ૧૫-૧૨-૨૦૨૪, રવિવારે સાંજે ૫:૩૦ વાગ્યે ગાંધી સ્મૃતિ ભવન, કનકાઈ મંદિર પાસે, ચોપાટી ખાતે કવિ સંમેલન અને હાસ્ય દરબારનું આયોજન કરવામાં આવેલ છે. આ સાથે કવિ સુનિલ ભીમાણીના પુસ્તક 'વિવાહપુરાણ'ના વિમોચન કાર્યક્રમ પણ યોજાશે.કવિ સંમેલનમાં કૃષ્ણ દવે, ડો. મનોજ જોષી 'મન', સ્નેહલ જોષી, સુનિલ ભીમાણી પોતાની મૌલિક કૃતિઓ દ્વારા સૌને મંત્રમુગ્ધ બનાવશે તો સાથે-સાથે જીતુભાઈ દ્વારકાવાળાના હાસ્યદરબારનું પણ આયોજન થયુ છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવ, નવરંગ સાહિત્ય સંગીત કલા પ્રતિષ્ઠાનના પ્રમુખ લાખણશીભાઈ ગોરાણીયા અને મંત્રી ડો. સ્નેહલ જોષી, સંયોજક લાખણશીભાઈ આગઠ, સહસંયોજક ડો. ઉર્વીશ મલકાણ તેમજ કેતન પટેલે ભાવભર્યુ નિમંત્રણ પાઠવ્યુ છે.

# માર્કેટીંગ યાર્ડમાં ૯૫૧ રૂપિયે કિલો લેખે વધુ એક બોકસ કેરી વેચાઈ



પોરબંદરના માર્કેટીંગયાર્ડમાં કેરીનું વેચાણ હવે સામાન્ય બની ગયુ હોય તેમ બરડા વિસ્તારમાંથી કેરી વેચાવા માટે આવી રહી છે. ત્યારે શુક્રવારે સવારે બીલેશ્વર ગામેથી એક બોક્સ કેસર કેરી આવી હતી જેનું ૯૫૧ રૂા. કિલો લેખે વેચાણ થયુ હતુ. નીતિનભાઈ દાસાણીને ત્યાં આ બોક્સની હરરાજી થઈ હતી.(તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# જૂનાગઢમાં મહાકાળી મંદિરનો શીલાન્યાસ કાર્યક્રમ યોજાયો



સનાતન ધર્મના પુનઃ ઉદ્ય કાળમાં જૂનાગઢ ખાતે જ્યાં માં અંબાના બેસણા હોય તથા દેવોના દેવ મહાદેવ હાજર હોય તેવા ગિરનાર પર્વતની તળેટીમાં વાડલા રોડ ઉપર પ્રજાપતિ સમાજના કુકડીયા પરિવાર દ્વારા જગતજનની માં મહાકાળી મંદિરનો ભુવાઓ, જ્ઞાતિ અગ્રણીઓ, જયંતીભાઈ કુકડીયા, નટુભાઈ કુકડીયા, નિલેશભાઈ કુકડીયા, અશ્વિનભાઈ કુકડીયા, હસમુખભાઈ કુકડીયા તથા સમસ્ત કુકડીયા પરિવારોની હાજરીમાં તથા વિદ્વાન ભૂદેવોની હાજરીમાં 'શિલાન્યાસ' કાર્યક્રમ ધામધૂમથી સંપન્ન કરવામાં આવ્યો.(તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# 'અમારા વિસ્તારમાં સ્ટ્રીટલાઈટ નથી તો વેરો શા માટે વસુલો છો?'

## ખાપટના વિરાજપાર્ક વિસ્તારના સીનીયર સીટીઝને કર્યો વિરોધઃવર્ષ ૨૦૧૬માં અરજી કર્યા છતા નિકાલ થયો નહીં

**આજકાલ પ્રતિનિધિ-પોરબંદર**

પોરબંદરના ખાપટમાં આવેલા વિરાજપાર્કમાં સ્ટ્રીટલાઈટની સુવિધા નહી હોવા છતા સ્ટ્રીટલાઈટ વેરો વસુલવામાં આવતો હોવાથી જાગૃત નાગરિક એવા સીનીટર સીટીઝને તેનો વિરોધ કરીને કલેકટરને ફરિયાદ કરી છે. પોરબંદરના ખાપટ વિસ્તારમાં આવેલા વિરાજપાર્કમાં રહેતા સીનીયર સીટીઝન પુંજાભાઈ લાખાભાઈ કેશવાલાએ કલેકટરને ફરિયાદ કરી જણાવ્યુ છે કે પોરબંદર નગરપાલિકા દ્વારા ખાપટ ગ્રામ પંચાયતને પાલિકામાં સમાવી લેવાતા સ્ટ્રીટલાઈટ વેરો સહિત જુદા જુદા વેરા ભરવા સંબંધે નોટીસ અપાઈ હતી પરંતુ તેમના વિસ્તારમાં હજુ સુધી કોઈ સ્ટ્રીટલાઈટ નાખવામાં આવી નથી અને સફાઈ પણ કરવામાં આવતી નથી તેમ છતાં ખૂબજ મોટો વેરો ફટકાર્યો છે જે અન્યાયકર્તા છે આથી આ મુદે વાંધા અરજી સાથે મુખ્યમંત્રીના ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં વર્ષ ૨૦૧૬માં રજૂઆત કરી હતી પરંતુ હજુ સુધી વાંધાઅરજીનો નિકાલ આવ્યો નથી તેથી વધુ એક વખત રજૂઆત કરવામાં આવી છે.

# મંડપ સર્વિસના કોન્ટ્રાક્ટ પ્રશ્ને ચાલતા ઉપવાસ આંદોલનની છાવણીની આગેવાનોએ લીધી મુલાકાત



પોરબંદરમાં શેઠ નાનજી કાલિદાસ મહેતા વ્યાપાર ઉદ્યોગ ભવન ખાતે મંડપ સર્વિસના મુદ્દે પ્રતીક ઉપવાસ પર ઉતરેલા જીતુભાઈ મદલાણીની શુભેચ્છા મુલાકાત લેવા જિલ્લા ભાજપ પ્રમુખ રમેશ પટેલ,બ્રહ્મસમાજના અગ્રણી ઉદય ભાભા,ચંદ્રેશ સામાણી, રાજુભાઈ બુદ્ધદેવ,હર્ષિત રુઘાણી, નાથાભાઈ કોટેચા સહિત અનેક આગેવાન નાગરિક મુલાકાત દરમિયાન સાથ સહકારની ખાત્રી આપી હતી.તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

# પોરબંદર જિલ્લામાં ગૌચરની જગ્યા પરનું દબાણ તાત્કાલિક દૂર કરાવો

## રખડતી-ભટકતી બીમાર ગાયોને આવી જમીન પર ફેન્સીંગ કરી આશરો આપવા પણ થઈ માંગ

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

પોરબંદર જિલ્લામાં અનેક જગ્યાએ ગૌચરની જમીન પર દબાણ થયુ છે તેને દૂર કરવામાં આવ્યુ નથી માટે તાત્કાલિક દબાણ દૂર કરાવી રખડતી-ભટકતી ગાયોને આ જમીન પર ફેન્સીંગ કરીને આશરો આપવા માંગ થઈ છે.

પોરબંદરના સીનીયર સીટીઝન પુંજાભાઈ લાખાભાઈ કેશવાલાએ જિલ્લા કલેકટરને કરેલી ફરિયાદમાં જણાવ્યુ છે કે પોરબંદર જિલ્લાના જે તાલુકાઓ આવેલ છે તેમાં નીચેની વિગતે ગૌચરની જગ્યાઓ આવેલ છે તેને ખાલી કરાવવા માટે જે તે અધિકારીઓની જવાબદારી આવતી હોય તેને તાત્કાલિક ખાલી કરાવવા નમ્ર અપીલ છે. પોરબંદર તાલુકાના ૭૭ ગામડા હે.આરે. ચો.મી. ૮૫૩૪-૩૨-૩૩ રાણાવાવ તાલુકાના ૨૮ ગામડા હે.આરે. ચો.મી. ૩૪૫૫-૯૪-૫૧ તથા કુતિયાણા હે. આરે. ચો.મી. ૬૪૯૯-૬૯-૮૫ એમ મળી કુલ હે. આરે. ચો.મી. ૧૮૪૮૯-૯૬-૫૯ ઉપરોકત ગૌચરની જગ્યા આર.ટી.આઈ. એક્ટ હેઠળ ઉપર મુજબ માહિતી એકઠી કરેલ છે.

આ ગૌચરની જગ્યાઓ વહેલીતકે ખાલી કરીને જગ્યાને ફેન્સીંગ કરી બોર્ડ મુકી જનતાને જાહેર કરવા નમ્ર અપીલ છે અને આ જગ્યાની રખેવાળી દરેક ગામના સરપંચો તેમજ તલાટીને સોંપવામાં આવે. આ ગૌચરની જગ્યાઓ ખાલી કરાવવા માટે અમારી આર.ટી.આઈ. ૩૦ દિવસની મુદત આપ અધિકારીઓને આપવામાં આવે છે. તે પછીની કાર્યવાહી હાઈકોર્ટ મારફત જે તે અધિકારીઓની આવતી હશે તેના ઉપર લેન્ડગ્રેબીંગ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવશે. જેની ગંભીર નોંધ તમામ અધિકારીઓએ લેવાની રહેશે. પોરબંદરના નાગરિકો અમારા આ મિશન સાથે જોડાયેલા છે અને પ્રજાનો સાથ અને સહકાર છે તે ધ્યાને લેવા અપીલ છે. જેથી મુંગા પશુઓના રક્ષણ માટે સત્વરે કાર્યવાહી કરવા અપીલ છે.

# પોરબંદર નગરપાલિકાના તંત્રની ઘોર બેદરકારીના કારણે સુકાઈ રહ્યા છે રોપા



એક બાજુ પોરબંદરમાં સામાજિક સંસ્થાઓ ૧૫,૦૦૦ વૃક્ષો દ્વારા પોરબંદર શહેરને હરિયાળુ બનાવવા માટે પ્રયત્નો કરી રહ્યું છે બીજી બાજુ પોરબંદર નગરપાલિકાનું તંત્ર તેની જવાબદારી છે તેવા વૃક્ષોની પણ જાળવણી અને જતન કરતું નથી તેની સાબિતી રૂપાળી બાગ પાસે મળી છે. રૂપાળી બાગની બહાર બ્યુટીફિકેશન ના નામે લાખો રૂપિયા ખર્ચને બગીચો બનાવવામાં આવ્યો હતો અને ત્યાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું પરંતુ હવે તેનું જતન અને જાળવણી કરવામાં આવતા નથી અને રોપા તથા વૃક્ષોને પણ પાણી પીવડાવવામાં આવતું નથી જેના કારણે અમુક વિભાગમાં રોપા સંપૂર્ણપણે સુકાઈ ગયા છે તો અમુક જગ્યાએ હવે થોડી ઘણી ડાળખીઓ સાથેના નાના રોપા બચ્યા છે પોરબંદર નગરપાલિકાના તંત્રએ અહીંયા આ રોપા ને નિયમિત રીતે પાણી આપવું જરૂરી બન્યું છે.(તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# પોરબંદરમાં જરૂરીયાતમંદ પરિવારોને રાશનકીટનું થયું વિતરણ



પોરબંદર બર્ડાઈ બ્રાહ્મણ મહિલા વૃંદ દ્વારા જરૂરીયાતમંદ કુટુંબને રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

## બર્ડાઈ બ્રાહ્મણ મહિલા વૃંદ દ્વારા થયું આયોજન

**આજકાલ પ્રતિનિધિ**

**પોરબંદર**

પોરબંદર બર્ડાઈ બ્રાહ્મણ મહિલા વૃંદ દ્વારા જરૂરીયાતમંદ કુટુંબને રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

પોરબંદર બર્ડાઈ બ્રાહ્મણ મહિલા વૃંદ દ્વારા જરૂરીયાતમંદ કુટુંબને રાશનની કીટ વિતરણ કાર્યક્રમ દાતા નીતિનભાઈ દેવજીભાઈ થાનકીના સહયોગથી રૂપાળીબાગ ખાતે રાખેલ હતો.

આ તકે હર્ષિદાબેન થાનકી, ગીતાબેન મોઢા, સીમાબેન બાપોદરા, નીતાબેન ભોગાયતા, શ્વેતાબેન દવે, કૃપાબેન થાનકી, ઉષાબેન મોઢા અને રીધ્ધિ થાનકી ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમનું સંચાલન હર્ષિદાબેન થાનકી, ગીતાબેન મોઢા, અને સીમાબેન બાપોદરાએ કરેલ હતું.

# દિલ્હીની અનેક

(પહેલા પાનાનું ચાલુ)

હોવાથી બાળકો પહેલેથી જ ક્લાસમાં હાજરી આપવા પહોંચી ગયા હતા. ઈમેલ મળતાની સાથે જ શાળા પ્રશાસને તુરંત વાલીઓને જાણ કરી અને તમામ બાળકોને ઘરે પરત મોકલી દેવામાં આવ્યા.

**દિલ્હીમાં બે મહિનામાં બે વિસ્ફોટ કરાયા**

દિલ્હીના બે વિસ્તારોમાં અલગ-અલગ સમયે ઓછી તીવ્રતાના બે વિસ્ફોટ પણ થયા છે. બે મહિનામાં બે વિસ્ફોટ અને સતત ધમકીઓથી દિલ્હીની સુરક્ષા વ્યવસ્થા પર સવાલો ઉઠવા સ્વાભાવિક છે. ૨૦ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ રોહિણી વિસ્તારમાં સીઆરપીએફ સ્કૂલ પાસે વિસ્ફોટ થયો હતો. આ પછી નવેમ્બરના અંતમાં પ્રશાંત વિહારમાં વિસ્ફોટ થયો હતો. બંને જગ્યાએ સફેદ પાવડર મળી આવ્યો હતો. પોલીસનું માનવું હતું કે લોકોમાં ભય કે ભ્રમ પેદા કરવા માટે કોઈ કાવતરું ઘડવામાં આવી રહ્યું છે. જો કે, હજુ સુધી આ વિસ્ફોટો અને ધમકીઓ પાછળનો છુપાયેલ હેતુ સ્પષ્ટ થયો નથી, જે ચિંતાનો વિષય છે.

**ગત વખતે ખંડણી માંગવામાં આવી હતી**

સોમવારે ૯ ડિસેમ્બરે ધમકીભર્યો ઈમેલ મોકલનાર વ્યક્તિએ ૩ હજાર યુએસ ડોલરની ખંડણી માંગી હતી. એવું પણ લખવામાં આવ્યું હતું કે બોમ્બ એટલા નાના હતા કે તે તપાસ દરમિયાન મળી શકશે નહીં. જો માંગ પૂરી નહીં થાય તો તે બોમ્બ વિસ્ફોટ કરશે.પરંતુ આ ખોટું સાબિત થયું હતું.

# રિઝર્વ બેંકને પણ

(પહેલા પાનાનું ચાલુ)

સતત દોડતું રહે છે, જો કે એવું પણ લાગી રહ્યું છે કે અમુક લોકોએ આ રીતે રીતસરની રમત શરુ કરી છે. જેમને કડક સજા મળવી જોઈએ. ગયા મહિને પણ આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો જ્યારે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના કસ્ટમર કેર નંબર પર કોલ આવ્યો હતો અને એક વ્યકિતએ પોતાની ઓળખ લશ્કર-એ-તૈયબાના સીઈઓ તરીકે આપી હતી. તેણે સેન્ટ્રલ બેંકને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી પણ આપી હતી.

છેલ્લા કેટલાક દિવસોથી દેશમાં વિમાનો અને શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાના ઘણા ધમકીભર્યા કોલ અને મેઈલ આવી રહ્યા છે.

આજે જ દિલ્હીની ત્રણ શાળાઓને બોમ્બની ધમકીનો મેલ મળ્યો હતો, જેના પછી વિવિધ એજન્સીઓએ શાળાના પરિસરમાં સર્ચ કરવાનું શરૂ કર્યું હતું.

શાળા પ્રશાસને વાલીઓને સંદેશ મોકલીને વિનંતી કરી હતી કે તેઓ તેમના બાળકોને શાળાએ ન મોકલે. અગાઉ ૯ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ, દિલ્હીની ઓછામાં ઓછી ૪૪ શાળાઓને સમાન ઈમેઈલ્સ મળ્યા હતા. તપાસ બાદ પોલીસે આ ધમકીઓને અફવા ગણાવી હતી.

Dhanraj Group

દેશ-પરદેશની આજકાલ

દુઃખના સમયમાં આપના સ્વજનને

શબ્દોમાં શ્રદ્ધાંજલિ સમર્પિત કરો

શ્રદ્ધાંજલિ - બેસણું

દુઃખદ અવસાન - પુણ્યતિથિ

ફિક્સ સાઈઝ 5x2 ₹500 +GST બ્લેક એન્ડ વ્હાઈટ

ફિક્સ સાઈઝ 10x2 ₹1300 +GST બ્લેક એન્ડ વ્હાઈટ

પોરબંદર આવૃત્તિ - અંદર પાને - વધારાના સે.મી. ના કાર્ડ રેઈટ લાગુ થશે

ઓફિસ : ૩-હાર્મની કોમ્પ્લેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, જુના ફાઉનટેન સર્કલ પાસે, પોરબંદર

Mo. +91 98250 73588

ઋણ સ્વીકાર



સ્વ. જયંતિલાલ નારણજી મોઢા

સ્વ. તા. ૩૦/૧૧/૨૦૨૪

અમારા પૂ. પિતાશ્રી **સ્વ.જયંતિલાલ નારણજી મોઢા** ના નિધન પર આપ સૌ સગા-સંબંધીઓ, સ્નેહી મિત્રો, વ્યાપારી એસોશીએશનો અમારા દુઃખ, શોકમાં સહભાગી થયા અને અમને રૂબરૂ-ફોન દ્વારા મળીને સાંત્વના પાઠવી છે તે બદલ અમો આપ સહુનો ઋણ સ્વીકાર કરીએ છીએ તથા અંતરથી આભાર માનીને કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

લી.

મનોજભાઈ જયંતિલાલ મોઢા

સુધીરભાઈ જયંતિલાલ મોઢા

સ્વ. જીતેન્દ્રભાઈ જયંતિલાલ મોઢા

અતુલભાઈ જયંતિલાલ મોઢા

ભાવનાબેન કિશોરભાઈ થાનકી

મધુબન સ્વીટ્સ, વિવિધા જનરલ સ્ટોર્સ, લીમડા ચોક, પોરબંદર

મોઢા પરિવારના જય શ્રી કૃષ્ણ

# ગોઢાણીયા યોગકોલેજમાં ગીતા જયંતીની થઇ ઉજવણી

## શ્રીમદ્ ભગવદ્ ગીતા દરેક વ્યક્તિને કર્તવ્ય બજાવવા આપે છે બોધઃ માત્ર પુસ્તક રૂપે વાંચન નહીં જીવનમાં પણ ઉતારવા અપાઇ શીખ

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર

પોરબંદરની ગોઢાણીયા યોગ કોલેજ ખાતે ગીતાજયંતીની ઉજવણી કરવામાં આવતા કર્મના સિધ્ધાંતને સમજાવાયો હતો તથા ગીતાને માત્ર પુસ્તક સ્વરૂપે વાંચવાના બદલે લોકોએ તેના જીવનમાં પાનેપાનુ આત્મસાત કરવુ જોઇએ તેવી અપીલ કરવામાં આવી હતી.

શ્રીમદ્ ભગવત ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા સ્વધર્મના આચરણ માટેની શીખ આપી છે. આથી શ્રીમદ્ ભગવદ્ ગીતા દરેક વ્યક્તિને પોતાનુ કર્તવ્ય બજાવવાનો બોધ આપે છે. આ પ્રકારની ટ્રસ્ટના પ્રમુખ, જાણીતા દાતા અને શિક્ષણપ્રેમી ડો. વિરમભાઇ ગોઢાણીયાએ પોરબંદરની યુવાપેઢીને શીખામણ આપી હતી.

પોરબંદરની શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત શિક્ષણ, શિસ્ત અને સંસ્કાર ઘડતર કરતી વેરાવળ સોમનાથ યુનિવર્સીટી સંલગ્ન છેલ્લા ત્રણ વર્ષથી ડિપ્લોમા યોગ અભ્યાસક્રમ ચલાવતી પોરબંદરની ડો. વી.આર.ગોઢાણીયા ઈન્સ્ટીટયુટ ઓફ યોગ કોલેજ દ્વારા ગીતા જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

શરૂઆતમાં ડો. વી.આર.ગોઢાણીયા યોગ કોલેજના ડાયરેકટર જીવાભાઇ ખુંટીએ શ્રીમદ્ ભાગવતના શ્લોક ‘યોગ કર્મસુ કૌશલમ્’ યોગનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ પોતાના કોઈપણ વ્યવસાયમાં સફળ થાય છે. ગીતાના અઢાર અધ્યાય અને સાતસો શ્લોક ધરાવતી ભગવદ્ ગીતા એ વૈશ્વિક ગ્રંથ ગણાવી સૌ મહાનુભાવોને મીઠો આવકાર આપ્યો હતો.

આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ, જાણીતા દાતા અને શિક્ષણપ્રેમી ડો. વિરમભાઇ ગોઢાણીયાએ યોગ કોલેજ પ્રતિ વર્ષ ગીતા જયંતીની ઉજવણી કરે છે તે માટે યોગ કોલેજને અભિનંદન આપીને જણાવ્યુ હતુ કે શ્રીમદ્ ભગવદ્ ગીતમાં શ્રીકૃષ્ણ દ્વારા



પોરબંદરની ગોઢાણીયા યોગ કોલેજ ખાતે ગીતાજયંતીની ઉજવણી કરવામાં આવી તેની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

સ્વધર્મનું આચરણ કરવાનો ઉલ્લેખ કરાયો છે. આથી શ્રીમદ્ ભગવદ્ ગીતા દરેક વ્યક્તિને કર્તવ્યભાવનનો બોધ આપે છે. કર્તવ્યપથના ત્રણ કર્મ સ્થંભ છે. ક્રિએટીવીટી, કમિટમેન્ટ અને કોમ્યુનિકેશન. આથી પોતાનો સ્વધર્મ કર્તવ્ય નિષ્ઠાથી બજાવવાની શીખ આપી હતી.

આ પ્રસંગે પોરબંદરની ડો. વી.આર.ગોઢાણીયા બી.એડ. કોલેજના ડાયરેકટર અને કેળવણીકાર ડો. ઈશ્વરભાઈ ભરડાએ જણાવ્યુ હતુ કે પોરબંદરમાં જન્મેલા વિશ્વ વિભૂતિ મહાત્મા ગાંધીજીને ભગવદ્ ગીતામાં અખૂટ શ્રધ્ધા હતી બાપુ પોતે તો શ્રીમદ્ ભગવદ્ ગીતાનો નિત્ય પાઠ કરતા જ હતા સાથેસાથે પોતાના સંપર્કમાં આવનાર સૌને બાપુ શ્રીમદ્ ભાગવત ગીતાનો પાઠ કરવા અનુરોધ કરતા હતા. મહાત્મા ગાંધીજી કહેતા, ‘જ્યારે જ્યારે મને સંકટ આવે છે ત્યારે હું ગીતા માતાના શરણે જાઉં છું’ લોકમાન્ય તિલક, શ્રી વિનોબા ભાવે, હેનરી ડેવીડ થોરો, ટી.એસ. ઈલિએટ, ફીલીકસ ગ્લાસ અને ઈમર્સન જેવા વિશ્વના મહાન ચિંતકો ગીતા પ્રત્યે ગજબની આસ્થા ધરાવતા હતા. આ પ્રસંગે ડો. વી.આર. ગોઢાણીયા કોલેજના પ્રિન્સિપાલ ડો. કેતનભાઇ શાહે જણાવ્યુ હતુ કે શ્રીમદ્ ભાગવત ગીતા એ આધ્યાત્મિક મૂલ્યોનો ગ્રંથ છે. કુરૂક્ષેત્રના મેદાનમાં શ્રીકૃષ્ણ ભગવાને શ્રી અર્જુનને ધર્મના જ્ઞાન રૂપી ગીતાજીનો ઉપદેશ આપ્યાને ૫૧૬૧ જેટલા વર્ષ થઇ રહ્યા છે જેન અનુસંધાને શ્રીમદ્ ભગવદ્ગીતાનું મહાત્મ્ય ઉજાગર કરવા દર વર્ષે ગીતા જયંતી પર્વ ભારતભરમાં ઉજવણી કરવામાં આવે છે. યોગ કોલેજ ઉજવણી કવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આગામી સત્રથી શાળાના ધોરણ ૬ થી ૧૨ના ધોરણોમાં શિક્ષણ વિભાગ દ્વારા બાળકોમાં નાનપણથી જ સત્ય, સહજીવન, સંસ્કૃતિ, સહિષ્ણુતાના ગુણ ખીલે તે અનુસાર શ્રી ભગવદ્ ગીતામાં સમાવિષ્ટ મૂલ્યો અને સિધ્ધાંતોનો અભ્યાસક્રમનો પરિચય કરવાનું અમલીકરણ થશે આથી આ આધ્યાત્મિક મૂલ્યોને ઉજાગર કરવા ગીતા જયંતીની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે.

આ તકે ગોઢાણીયા સંકુલ ટ્રસ્ટની ઓફિસ ખાતે પોરબંદરની ગોઢાણીયા યોગ કોલેજના કો-ઓર્ડીનેટર જીવાભાઇ ખુંટીને વર્ષોથી નિઃસ્વાર્થ ભાવે યોગ, શિક્ષણ આયુર્વેદિક, વ્યસન મુક્તિ પર્યાવરણ, ગૌસેવા, સ્વાસ્થ્ય જેવી અનેક રચનાત્મક પ્રવૃત્તિ કરવા બદલકુતિયાણાની નગરપાલિકાએ બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જીવાભાઇ ખુંટીની પસંદગી થતા તેઓનું ટ્રસ્ટના પ્રમુખ, જાણીતા દાતા અને શિક્ષણપ્રેમી ડો. વિરમભાઇ ગોઢાણીયાના હસ્તે સન્માનિત કરવામાં આવેલ હતા. આ ઉપરાંત શ્રીમદ્ ભગવદ્ ગીતાની જન્મજયંતીની ઉજવણી અંતર્ગત ગુજરાત યોગબોર્ડ દ્વારા પોરબંદરની ગોઢાણીયા યોગ કોલેજના વિદ્યાર્થી પરેશભાઇ દુબલ, કિરણબેન થાકવાની, ઉર્મિલાબેન પાંજરીની જિલ્લા યોગકોચ તરીકે નિમણુક થતા તેમજ પોરબંદર જિલ્લા યોગ સ્પર્ધામાં વિદ્યાર્થી રામભાઇ વિસાણા, જાગૃતિબેન પાંજરી(દ્વિતીય) અને મનીષાબેન મોતીવરસ(તૃતીય) સ્થાને વિજેતા થતા તેઓનું ઉષ્માવસ્ત્ર અને ઈસ્કોનની શ્રીમદ્ ભગવદ્ ગીતા અર્પણ કરી આ તકે સન્માનિત કરવામાં આવેલ હતા.આ શ્રીમદ્ ભગવદ્ગીતા જયંતીના ઉજવણીના કાર્યક્રમમાં ગોઢાણીયા મહિલા કોલેજના પ્રિન્સીપાલ ડો. કેતનભાઇ શાહ, કો-ઓર્ડીનેટર જીવાભાઇ ખુંટી, કેળવણીકાર ઈશ્વરભાઇ ભરડા, ટ્રસ્ટના અંગત સેક્રેટરી કમલેશભાઇ થાનકી, ડો. જયશ્રીબેન પરમાર સહિત કોલેજ પરિવાર ઉપસ્થિત રહ્યો હતો. બાળકોમાં આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન વિકાસ માટે શ્રીમદ્ ભાગવત ગીતાની જન્મજયંતી ઉજવવા બદલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અર્જુનભાઇ મોઢવાડીયા, ટ્રસ્ટી ભરતભાઇ ઓડેદરા, શાંતાબેન ઓડેદરા, જયશ્રીબેન ગોઢાણીયા, ભરતભાઇ વિસાણા સહિતના ટ્રસ્ટગણે અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી.

# ગૌસેવા એ કૃષ્ણભક્તિનું સર્વશ્રેષ્ઠ માધ્યમ

## જામરાવલ ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં યોજાયા વિવિધ કાર્યક્રમો



પોરબંદર નજીકના જામરાવલ ગામે ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યુ ત્યારની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

આજકાલ પ્રતિનિધિ-પોરબંદર

પોરબંદર નજીકના જામરાવલ ગામે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું સમાપન થયું છે.

પોરબંદર નજીકના જામરાવલગામે સમસ્ત વાઘેલા પરિવાર દ્વારા ચોથા દિવસે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહમાં શ્રી નૃસિંહ અવતાર ઉજવાયો અને રાત્રે યોજાયેલા દાંડિયારાસમાં ભાવિકો ઉત્સાહભેર જોડાયા હતા.

પોરબંદર નજીકના રાવલ ગામે રામભાઇ રણમલભાઇ વાઘેલા તથા સમસ્ત વાઘેલા પરિવાર દ્વારા પિતૃઓના મોક્ષાર્થે તા. ૬ થી ૧૩ ડિસેમ્બર ‘વૃન્દાવન ધામ’ શીતળામાજી મંદિર ગ્રાઉન્ડ જામરાવલ ખાતે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું.

વ્યાસપીઠ પર શાસ્ત્રી પંકજભાઇ જોષીએ કથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવતા કથાના ચોથા દિવસે જણાવ્યુ હતુ કે ગૌસેવા એ શ્રીકૃષ્ણ ભક્તિનું ઉત્તમ માધ્યમ છે. જ્યાં ગાયો છે ત્યાં શ્રીકૃષ્ણ હાજરાહજુર છે. જ્યાં કૃષ્ણ હોય ત્યાં ધર્મ હોય અનેજ્યા ધર્મ હોય ત્યાં વિજય નિશ્ચિત હોય છે.આ પ્રસંગે ડો. વી.આર.ગોઢાણીયા બી.એડ. કોલેજના ડાયરેકટર અને કેળવણીકાર ડો. ઈશ્વરભાઇ ભરડાએ ઉદ્બોધન કરતા રાવલના સ્વ. ભીમભાઇ વાઘેલા પટેની સમાજસેવાની સેવાઓને બિરદાવી પોરબંદરના સ્વ. તુલસીભાઇ હાથીના ફાર્મહાઉસને પૂજ્ય ભાઇશ્રી રમેશભાઇ ઓઝાની સાધનાભૂમિ ગણાવી જણાવ્યુ કે શ્રીમદ્ ભાગવત એ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચાર પુરુષાર્થની સિધ્ધિ કરાવતો ગ્રંથ છે. તે પૈકી ધર્મ એ પ્રથમ પાયો છે અને વાઘેલા પરિવારને પ્રથમ પાયો મજબૂત કરવા બદલ અભિનંદન આપ્યા હતા. શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ દરમ્યાન વિવિધ પાવન પ્રસંગોમાં શ્રી રુકમણી વિવાહ અને સવારે ૧૦ વાગ્યે સુદામાચરિત્ર બપોરે ૧ વાગ્યે પરીક્ષિત મોક્ષ સાથે કથા વિરામ પામી હતી. ઉપરાંત કથામાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ થયુ હતુ.

આ તકે પોરબંદરના કેળવણીકાર ડો. ઈશ્વરભાઇ ભરડા, તથા હનુમાનધાર રબારી સમાજના અગ્રણી ધર્મપ્રેમી પરબતભાઇ ભીમાભાઇ ચાવડા કથા દરમિયાન એક પગે ઉભા રહી સાત દિવસ દિવસ સુધી કથા સાંભળવા બદલ કથાના આયોજક રામભાઇ વાઘેલાના હસ્તે શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કથામાં દિલીપભાઇ ગોસ્વામી, સતીશબાપુ, વિજયભાઇ થાનકી, જયેશભાઇ ભારથી, દર્શનભાઇ જોષી, કનકભાઇ ભોગાયતા, ગિરીશભાઇ જોષી સંગીતમય કથામાં સહયોગી બન્યા હતા. આ કથામાં રાવલ નગર પંચાયતના પ્રમુખ જસાયબેન રામસીભાઇ જમોડ, રામદેવભાઇ કાગડીયા, ધર્મેશભાઇ મઢવી, દિલીપભાઇ થાનકી, નટુ દાન બારોટ, પોરબંદરના કેળવણીકાર ડો. ઈશ્વરભાઇ ભરડા, નરસિંહભાઇ વાઘેલા નારણભાઇ ગામી, લાખાભાઇ ગામી, બાલુ પ્રતાપભાઇવાઘેલા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# નામ બદલાવતી વીમા કંપનીએ કલેઇમ ચુકવવાના બદલે હાથ ઉંચા કરી દીધા

## જાગૃત ગ્રાહકે લીગલી નોટીસ પાઠવી કરી કાયદેસરની કાર્યવાહી

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર

નામ બદલાવતી વીમા કંપનીએ કલેઈમ ચુકવવાના બદલે હાથ ઉંચા કર્યા હોવાથી પોરબંદરના એડવોકેટ મારફતે કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

છેલ્લા ઘણા સમયથી જુદી-જુદી વીમા કંપનીઓ વિમા પોલીસી ઉતારતી વખતે ખુબજ ખોટા અને ભ્રામક પ્રચાર પ્રસારથી આકર્ષણ જમાવી ગ્રાહકોને ભોળવી ફોસલાવીને પોલીસીનું વેચાણ કરી લીધા બાદ સમયાંરે મસમોટુ વીમા પ્રિમિયમ પણ ગેરવ્યાજબી વેપારપ્રથા અપનાવી મેળવી લે છે. જે લાઈફ ઈન્સ્યોરન્સ હોય કે મેડિકલ ઈન્સ્યોરન્સ કે પછી જનરલ ઈન્સ્યોરન્સ તમામ વીમા કંપનીઓ એક સુરે એકજ પધ્ધતિથી ગ્રાહક વીમેદારને છેતરતી આવે છે જે મુજબ પ્રિમિયમ વસુલી લીધા બાદવીમા કલેઈમ સમયે અલગ-અલગ બહાનાઓ કાઢી કલેઈમ રીજેક્ટ કરી પૈસા ચુકવવાની આર્થિક જવાબદારીમાંથી ખુબજ આસાનીથી છટકી જાય છે. પરંતુ કયાંક કોઈક ખૂણામાં બેઠેલો જાગૃત નાગરિક કાનુની રાહ અપનાવી ન્યાયની માંગણી કરતા ખર્ચ વ્યાજ સહિત પૂરેપૂરી વીમાની રકમ મેળવી પણ લે છે. જે મુજબ ફરીથી એક આવો જ કિસ્સો બહાર આવ્યો છે.

જેની વધુ વિગતો મુજબ પોરબંદર જિલ્લાના ટુકડા મીયાણી ગામ ખાતે આવેલ નેશનલાઈઝ બેન્ક એટલે કે બેન્ક ઓફ બરોડા બ્રાન્ચ ખાતે વર્ષોથી ફરજો બજાવતા આવેલ કાયમી પ્રકારના કર્મચારી સ્વ. વિજયભાઈ પીઠાભાઈ રાઠોડને બેન્કે પોતાના તમામ કર્મચારીઓની જેમ જ તેઓનો તેમજ તેના પરિવારનો મેડીકલેઈમ કરી આપેલહતો. જે લાંબા સમયથી આ પ્રોસેસ ચાલતી આવતી હતી. પરંતુ વાસ્તવિક રીતે જે મેડીકલેઈમ કરવામાં આવેલ તે વીમા કંપની નેશનલ ઈન્સ્યોરન્સ કુ. લી. રહેલ હતી જે કોઈ વિચારી પણ ન શકે અને લોકોને/વીમેદાર ગ્રાહકોને ગુમરાહ કરવાના ઈરાદાથી થોડા થોડા સમયે પોતાનુ નામ બદલી હાલનુ નામ એમ.ડી. ઈન્ડીયા હોક પ્રા.લી. જનરલ ઈન્સ્યોરન્સ કરેલ છે. જે વખતોવખત બદલતુ રહે છે. જેનો બેન્ક તથા વીમા કંપની ખોટી રીતે ગેરલાભ મેળવી આ વીમેદારની પોલીસી કરતા આવેલ હતા. જે પોલીસી સમય દરમ્યાન કર્મચારીને કેન્સરની બિમારી ડિટેકટ થતા લાંબી સારવાર બાદ તેનુ મૃત્યુ થયેલ. જે સારવારના ખર્ચ માટે તેમના ધર્મપત્નીએ કલેઈમ કરતા રૂટીન પ્રોસેસ મુજબ વીના વ્યાજબી કે કાયદેસરના કારણો વગર કલેઈમ રીજેકટ કરી નાખતા આ જાગૃત ગૃહિણીએ તાત્કાલિક કાનુની પગલા લઈ કલેઈમ વળતર અપાવવા વકીલ વિજયકુમાર પંડયા મારફત વીમા કંપનીને તેમજ બેન્ક ઓફ બરોડાને લીગલ નોટીસ પાઠવી ૩૦ દિવસમાં વીમાની પૂરેપૂરી રકમ આપવા તાકીદ કરેલ છે અને જો સમયસર ચુકવણુ નહી થાય તો કોર્ટમાં પણ ઘસેટી જવાની પૂરી તૈયારી બતાવેલ છે.

# વિશ્વના ટી.બી.ના કુલ દર્દીઓમાંથી ૫૦% દર્દીઓ ભારતમાંઃ લાયન્સ કલબ

## પોરબંદરના સુભાષનગર વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળામાં ટી.બી.મુક્ત ભારત અભિયાન અંતર્ગત અપાઇ મહત્વની જાણકારીઃ વિશ્વની વસ્તીના ૩૦% લોકો છે ટી.બી.નો શિકાર

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર

પોરબંદરની સામાજિક સંસ્થા લાયન્સ કલબ દ્વારા સુભાષનગરમાં આવેલી પ્રાથમિક શાળામાં ટી.બી. મુક્ત ભારત અંગેના અભિયાનનું આયોજન થયુ હતુ અને તેમાં કેટલાક આંકડા ચોંકાવનારા જાહેર થયા હતા કે,વિશ્વના દેશોમાં ટી.બી.ના દર્દીઓમાંથી ૫૦% જેટલા દર્દીઓ માત્ર આપના ભારત દેશમાં છે આ બાબત ખુબ જ ચિંતાજનક છે,જો કે તેને કાબુમાં લેવા માટે સરકાર દ્વારા ભરપુર પ્રયત્નો કરવામાં આવતા હોવાનું જણાવ્યું હતુ.

લાયન્સ કલબ પોરબંદર દ્વારા ટી.બી. મુક્ત ભારત અભિયાન અંતર્ગત ખારવા પ્રાથમિક શાળા સુભાષનગરમાં ટી.બી. અંગેનો માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ટી.બી. મુક્ત ભારત અંગેના અભિયાન અંતર્ગત સુભાષનગરમાં ખારવા પ્રાથમિક શાળામાં ટી.બી. મુક્ત ભારત અંગે



પોરબંદરમાં લાયન્સ કલબ દ્વારા ટી.બી. મુક્ત અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓને જાણકારી આપવામાં આવી હતી.તેની તસ્વીર(તસ્વીરઃજિજ્ઞેશ પોપટ)

જાણકારી આપવામાં આવી હતી.

લાયન્સ કલબ પોરબંદરના પ્રેસિડેન્ટ લાયન ત્રીશીતાબા પરમારના માર્ગદર્શન અનુસાર સેક્રેટરી લાયન હરદત્તપુરી ગોસ્વામી દ્વારા લાયન્સ કલબ પોરબંદર સંસ્થાનો પરિચય આપવામાં આવ્યો હતો.ત્યારબાદ વિદ્યાર્થીઓને ટી.બી. અંગે સરળ ભાષામાં જાણકારી આપતા જણાવ્યું હતુ કે,વિશ્વની વસ્તીના ૩૦% લોકો ટી.બી.થી પીડાય છે અને સમગ્ર વિશ્વના દેશોમાં ટી.બી.ના દર્દીઓમાંથી ૫૦% દર્દીઓ ભારત જેવા વિકાસશીલ દેશમાં છે અને દર વર્ષે ૫૦% દર્દીઓ ટી.બી.થી મૃત્યુ પામે છે.દર વર્ષે એક કરોડ દર્દીઓ ભારતમાં નવા નોંધાય છે. ટ્યુબરક્યુલોસિસ (ટી.બી.) ગંભીર બિમારી છે,જે કોઈપણને અસર કરી શકે છે.ટી.બી. બેક્ટેરિયાને કારણે થાય છે.તે હવા મારફત ફેલાય છે.જ્યારે કોઈ ટી.બી. ધરાવનાર વાત કરે ત્યારે ફેફસામાં વાટે, ઉધરસ અથવા છીંક આવે છે.જો તમે ટીબી બેક્ટેરિયા શ્વાસમાં લો છો, તો ત્રણમાંથી એક વસ્તુ બનશે,તમારુ શરીર બેક્ટેરિયાનો નાશ કરે તે પહેલા તેઓ નુકસાન પહોંચાડે છે.ટી.બી. બેક્ટેરિયા તમને બીમાર બનાવે છે,જેને સક્રિય ટી.બી. કહેવાય છે,તેની સારવાર ઓછામાં ઓછા છ મહિના ચાલે છે.તમારા શરીરમાં ટી.બી. બેક્ટેરિયા નિદ્રાધીન રહે છે,તેને સુષુપ્ત ટી.બી. કહેવાય છે.તેની સારવાર ખુબ જ ટુંકા સમયની હોય છે.નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો તેમજ નાના બાળકોમાં તે બહુ સામાન્ય રીતે થાય છે.ટી.બી. રોગ માટે નવા પરિક્ષણો વિકસી ગયા છે,જે સસ્તા, ઝડપી અને વધુ ચોક્કસ ટી.બી. ટેસ્ટિંગ છે.વિશ્વ આરોગ્ય સંસ્થાના જણાવ્યા મુજબ,દુનિયાભરમાં મોટે ભાગે રસી બી.સી.જી. વપરાઈ છે,આ રસી તેમાં પણ ખાસ કરીને બાળકોમાં વિશેષ લેવડાવી જરૂરી છે.સરકાર દ્વારા અપાતી નિઃશુલ્ક દવાઓ નિયમિત લેવાથી સારું થઈ જાય છે. સાથે સાથે પ્રોટીન અને પોષણયુક્ત આહાર લેવો પણ એટલો જરૂરી છે.સરકારના અસરકારક પગલાંથી ઘણો કાબુ મેળવી શકાયો છે.પણ સંપુર્ણ મુક્ત થવા સતત પ્રયાસ કરવા દરેકે આગળ આવવું પડશે.લાયન્સ કલબ ગુજરાત દ્વારા આ માટે વિવિધ પ્રયાસો હાથ ધરાયા છે,તેની પણ જાણકારી આપી હતી.અંતે વિદ્યાર્થીઓને ટી.બી. વિશે પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.જેના વિદ્યાર્થીઓએ સાચા જવાબ આપેલ હતા.ભાવનાબેન દવે દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં લાયન્સ કલબ પોરબંદરના સેક્રેટરી લાયન હરદત્તપુરી ગોસ્વામી,આચાર્ય સૌરભભાઈ પ્રકછક, બીનાબેન ભટ્ટ,પ્રીતિબેન ભટ્ટી,લત્તાબેન પોરીયા,ભાવનાબેન દવે,જીવીબેન પુરોહિત, રતનબેન મોકરીયા તથા પ્રિયેશભાઈ લખલાણી તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આવતીકાલનું રાશી ભવિષ્ય

**મેષ (અ.લ.ઈ.)**
વહેવારૂ અભિગમ અપનાવવાની સલાહ છે. રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.

**વૃષભ (બ.વ.ઉ.)**
રોજીંદા કાર્યને પ્રાધાન્ય આપજો. મેડીટિશન, યોગથી માનસિક ટેન્શનમાં રાહત રહે. નોકરીમાં સારો લાભ મળે.

**મિથુન (ક.છ.ઘ.)**
તમારી કાર્ય પધ્ધતિ સંસ્થાને લાભ અપાવશો. કારણ વગરના વિચારો ટાળજો. હરીફોથી સાવધાની રાખવી.

**કર્ક (ડ.હ.)**
સામાજિક કાર્યમાં સફળતા પ્રતિષ્ઠ । વધે. લગ્નજીવનમાં સુમેળ રાખવો. આધ્યાત્મિક વિચારોથી લાભ.

**સિંહ (મ.ટ.)**
પ્રોપર્ટી અંગેના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી. લગ્નજીવનમાં જીવનસાથીના વિચારોને સમજવાથી લાભ રહે.

**કન્યા (પ.ઠ.ણ.)**
કીંમતી ચીજ વસ્તુની ખરીદી થાય. ભાગીદારોનો સાથ સહકાર રહે. શેર સટ્ટામાં સાવધાની રાખવી.

**તુલા (ર.ત.)**
વાદ વિવાદથી બચવાની જરૂર રહે. લાગણીઓને કાબૂમાં રાખજો. પ્રવાસ લાભદાયક રહેશે.

**વૃશ્ચિક (ન.ય.)**
થોડા પ્રેક્ટિકલ બનવાની જરૂર રહેશે. દ્રઢ માન્યતાઓને સમજવાની જરૂર રહેવાની.

**ધન (ભ.ધ.ઢ.ફ.)**
કોઈ નવી દિશા મળી શકે છે. જેમાં તમો આગળ વધી શકાય છે. રાજકીય રીતે લાભ મળવાનો છે.

**મકર (ખ.જ.)**
ઓછું બોલવાની સલાહ છે. તમારી વાણી કિંમતી છે. બેન્કના કાર્યમાં અનુકુળતા જોવા મળશે.

**કુંભ (ગ.સ.શ.ષ.)**
ટીમમાં કામ કરવાની ઈચ્છા ફળે. નવા સબંધોમાં ગાઢ બને, સાથે સાથે કાર્યભાર પણ રહેવાનો.

**મીન (દ.ચ.ઝ.થ.)**
અંતર મનમાં કોઈ પ્રશ્નો હશે તો તેનું નિરાકરણ શકય બની શકે છે. વિદેશથી લાભ.

### ગોચરના ગ્રહો

| | | | |
|---|---|---|---|
| સૂર્ય-વૃશ્ચિક | મંગળ-કર્ક | રાહુ-મીન | કેતુ-કન્યા |
| બુધ-વૃશ્ચિક | ગુરૂ-વૃષભ | હર્ષેલ-વૃષભ | પ્લુટો-મકર |
| શુક્ર-મકર | શનિ-કુંભ | નેપચ્યુન-મીન | ચંદ્ર-વૃષભ |

### તારીખીયું

તા.૧૪-૧૨-૨૦૨૪ વાર ★ શનિવાર
તિથિ માગસર સુદ-૧૨, સૂર્યોદય ૭-૧૯
સૂર્યાસ્ત ૬-૦૩, જૈન નવકારશી ૮-૦૭

બાળકોની રાશિઃ વૃષભ

# સાંઇબાબાના મંદિરે રવિવારે ઉજવાશે શ્રી દત્ત જયંતી

## ધુન, ભજન, સત્સંગ સહિત મહાપ્રસાદીનું આયોજન

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર

પોરબંદરના નરસંગ ટેકરી નજીક આવેલા સાંઈબાબાના મંદિરે રવિવારે દત્તજયંતીની ઉજવણી કરવામાં આવશે

શ્રી સાંઈબાબા સત્સંગ મંડળના પ્રમુખ ભોજાભાઈ કાનાભાઈ ખુંટીએ જણાવ્યુ છે કે તા. ૧૫-૧૨-૨૦૨૪ના રવિવારે નરસંગ ટેકરી પાસે આવેલા શ્રી સાંઈબાબા મંદિરમાં આવેલ ગુરૂ દત્તાત્રેય મંદિરમાં ‘શ્રી દત્ત જયંતી’ની ઉજવણી કરવામાં આવશે જે અંતર્ગત ધુન, ભજન, સત્સંગ, શ્રી દત્તબાવની પઠન (વાંચન) તેમજ પ્રસાદીનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે સાંજે ૫ થી ૬:૩૦ સુધી ધુન, ભજન, સત્સંગ યોજાશે તો સાંજે ૬:૩૦ કલાકે શ્રી દત્તબાવની પઠન(વાંચન) યોજાશે, સાંજે ૬:૪૫ કલાકે આરતી થશે અને સાંજે ૭ થી ૮ વાગ્યા સુધી પ્રસાદીનું આયોજન થયુ છે.

તો આ અવસરે સર્વે ભકતજનોને ઉપસ્થિત રહેવા શ્રી સાંઈબાબા સત્સંગ મંડળના પ્રમુખ ભોજાભાઈ કાનાભાઈ ખુંટી, પૂજારી પુનિતભાઈ જગદીશભાઈ વ્યાસ તેમજ ટ્રસ્ટીમંડળે ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યુ છે.

# ગોઢાણીયા કોલેજનું બી.એસ.ડબલ્યુ સેમ-૫નું ઉત્કૃષ્ટ પરિણામ જાહેર

## નિષ્ણાંત અધ્યાપકો દ્વારા અપાઇ રહ્યુ છે શ્રેષ્ઠ માર્ગદર્શનઃ ટોપ થ્રીમાં ચાર છાત્રોનો થયો સમાવેશ

આજકાલ પ્રતિનિધિ
પોરબંદર

પોરબંદરની ગોઢાણીયા કોલેજનું બી.એસ.ડબલ્યુ સેમ-૫નું ઉત્કૃષ્ટ પરિણામ થયુ જાહેર થયુ છે.

પોરબંદરની ગોઢાણિયા કોલેજમાં સમાજ કાર્ય ક્ષેત્રે કારકિર્દી ઘડવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે જિલ્લાની સર્વશ્રેષ્ઠ કોલેજમાં ફિલ્ડ વર્ક અને વિદ્યાર્થીઓના કૌશલ્ય વિકાસને પ્રાધાન્ય આપવામાં આવે છે ત્યારે પોરબંદરની ગોઢાણિયા કોલેજનું સમાજ કાર્ય વિભાગનું સ્નાતક કક્ષાનું બી. એસ.ડબલ્યુ સેમેસ્ટર-૫ નું શ્રેષ્ઠતમ પરિણામ જાહેર થયું છે.

શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત ડો. વી. આર.ગોઢાણીયા કોલેજ જેમાં સમાજ કાર્ય વિભાગમાં



પોરબંદરની ગોઢાણીયા કોલેજનું બી.એસ.ડબલ્યુ સેમ-પનું પરિણામ જાહેર થતા તેજસ્વી વિદ્યાર્થીઓ તસ્વીરમાં નજરે ચડે છે (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

નિયમિત રીતે ફિલ્ડ વર્ક કરાવવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓ પણ રસપ્રદ રીતે જોડાય છે. ઉપરાંત સમાજકાર્ય વિભાગમાં સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ઉત્સવનું પણ આયોજન કરવામાં આવે છે.

જેમાં વિદ્યાર્થીઓને સ્ટાફગણ દ્વારા પ્રોત્સાહિત કરી તેમની આંતરિક કળા ખીલવવામાં આવે છે. આ માટે સમયાંતરે વિભિન્ન પ્રકારની ઈત્તર પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવે છે. સાથે- સાથે વિદ્યાર્થીઓ માટે સેમિનાર, વર્કશોપ, ડિબેટ, સંશોધન કાર્ય અને નિષ્ણાંતોના વ્યાખ્યાનનું પણ આયોજન કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ જ્ઞાન પુરૂં પાડે છે.જે તેમને ભવિષ્યમાં જીવન ઉપયોગી બની શકે. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા લેવાયેલી બી. એસ. ડબલ્યુ સેમેસ્ટર -૫ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવેલ છે.જેમાં જેબર પૂજા ભીખાભાઈ ૭૬.૪૦ ટકા સાથે કોલેજ કક્ષાએ પ્રથમ ,બાપોદરા રાધિકા દિલીપભાઈ અને ખુટી સોનલ સામત ભાઈ ૭૩.૮૦ ટકા સાથે દ્વિતીય તેમજ સોલંકી વિજય વિરમભાઈ ૭૨.૮૦% સાથે કોલેજ કક્ષાએ તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે. શ્રેષ્ઠ પરિણામ બદલ તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ ડો. વિરમભાઈ ગોઢાણીયા, વર્કિંગ ટ્રસ્ટી ભરતભાઈ વિસાણા ,વર્કિંગ ટ્રસ્ટી હીનાબેન ઓડેદરા, એ. આર.ભરડા સાહેબ તથા અન્ય ટ્રસ્ટીગણ તેમજ ડિપાર્ટમેન્ટ ડાયરેકટર કારાવદરા રણમલભાઈ તથા તમામ સ્ટાફ મેમ્બર વતી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

